MACAULAY'S HORATIUS

WITH NOTES

AND

ENGLISH-GUJARATEE VOCABULARY.

MACAULAY'S

HORATIUS;

WITH NOTES

AND

ENGLISH-GUJARATEE VOCABULARY.

FOR THE USE OF GUJARATEE SCHOOLS.

Registered under Act XXV. of 1867.

Bombay:
PRINTED AT THE
EDUCATION SOCIETY'S PRESS, BYCULLA.

1873.

The Notes and Vocabulary of this little book explain their own purpose. They are designed to help beginners to acquire, by independent work, some accuracy and scholarship in reading the English Classics.

The book should be read with an ancient Atlas and Howard's Rudimentary English Grammar. It is hoped that it may be useful to the lower classes of Anglo-Vernacular Schools in Gujarat.

C. M.

Rajkumar College, June 1873.

HORATIUS.

ARGUMENT.

Seven kings had reigned in Rome, of whom Romulus was the first, and Tarquin the Proud the last. The Romans had risen up against Tarquin and expelled him from their city because of the selfish and wicked acts which he and his sons had committed. So the exiled king and his family wandered away, seeking some one to give them shelter and seeking always revenge against Rome. And first they persuaded the men of Veii and Tarquinii, cities of Etruria, to help them: and these cities gave them an army with which they advanced against the Romans: and

ઉપોદ્‌ઘાત.

રોમમાં સાત રાજાઓએ રાજ્ય કર્યું; તેઓમાં રામ્યુલસ પેહેલો અને અહંકારી ટાર્કવીન છેલ્લો રાજા થઈ ગયો. છેલ્લો રાજા ટાર્કવીન લોભી અને ક્રૂર હતા. તેનાં અને તેના દીકરાઓનાં નિર્દય કર્મોને લીધે રોમનલોકો તેની સામા થયા, તેને પદભ્રષ્ટ કર્યો, અને શેહેરની બાહાર કાઢી મુક્યો. દેશનિકાલ થયલો રાજા આ સ્થિતિમાં પોતાનાં કુટુંબ સાથે કોઈ ઠેકાણે આશ્રય શોધવાને ભટકવા લાગ્યો, અને રોમ ઉપર વેર લેવાનો પક્કો નિશ્ચય કર્યો. પ્રથમ તે ઈટ્રુરીઆના શેહેરો વીઆઈ અને ટાર્કવીનીઆઈમાં ગયો અને ત્યાંના લોકોને પોતાને મદદ કરવાને સમજાવ્યા. આ શેહેરમાંથી તેઓએ એક લશ્કર ઉભું કર્યું અને તે લઈને રોમ તરફ ચાલ્યા. રોમન લોકોની અને તેમની વચ્ચે એક મોટું યુદ્ધ થયું,

there was a hard fight in which neither side was victorious: but at the last it seemed to the Etruscans better to withdraw.

તેનું પરિણામ એવું થયું કે બંને બાજુમાંથી એકેની જીત થઈ નહીં. પણ આખરે ઈટ્રસ્કન લોકોએ પાછા જવું વાજબી ધાર્યું.

Then Tarquin went to Lars Porsena, king of Clusium, and begged aid from him. Now Clusium was the chief of the twelve confederate cities of Etruria. So Lars Porsena sent messengers to the lords of the other states and bade them join his standard: and having thus collected a vast army, he marched upon Rome with the utmost speed, hoping to break into the city before the bridge over the Tiber could be broken down.

પછી ટાર્કવીન કલુસીઅમના રાજા લાર્સ પોર્સીનાને શરણે ગયો અને તેની પાસે રોમની સામું મદદ માગી. એ વખતે ઈટ્રુરીઆના બાર શેહેરોમાં કલુસીઅમ સૌથી મુખ્ય અને શક્તિવાન હતું તેથી લાર્સ પોર્સીનાએ બાકીના શેહેરના રાજાઓને તેઓનાં લશ્કર લઈને આવવાની આજ્ઞા કાસદો મોકલીને કહાવી. આ પ્રમાણે એક મોટું લશ્કર એકઠું કરીને તેણે ઘણીજ ઝડપથી રોમ ઉપર સ્વારી કરી, કેમકે તેનો વિચાર રોમન લોકોને ટાઈબર નદી ઉપરના પુલો તોડી પાડવાને વખત નહીં આપવાનો અને એકદમ શેહેરમાં ધસારો કરવાનો હતો.

And at first it seemed that he would accomplish his purpose. For, having taken the Janiculum, a strong Roman fortress guarding the entrance to the Sublician bridge, his whole force was now advancing to cross over into the city. But suddenly and unexpectedly his progress

અને પ્રથમ એમ માલમ પડ્યું કે આ તેની મતલબ પાર પડશે, કેમકે તેણે જેનીક્યુલમનો મજબૂત કિલ્લો જે સબ્લીશીઅન પુલને મોઢે બાંધ્યો હતો તેને હાથ કરી લીધો, અને તેનું આખું લશ્કર શેહેરમાં જવાને નદી ઉપરનો પૂલ ઓળંગવાની તૈયારીમાં હતું એટલામાં અકસ્માત્ તેને અટકાવ થયો. આ અટકાવ કરનારા ત્રણ રોમન શુરવીરો

was arrested. For, just at this crisis, three noble Romans, the bravest of the brave, of whom Horatius the first to volunteer was also the last to retire, came forward and faced the whole Etruscan host at the farther entrance of the bridge, and so kept the hostile army in check while the Romans behind them gained time to cut the bridge away. Thus they saved their city and won for themselves a deathless name in the ranks of the Roman heroes.

It is of this exploit that the following story is told. It is told—more than a century after Horatius' time—by a Roman who is proud of his ancestors and laments that the Rome of his own days has fallen from her former honour. We must remember this as we read.

હતા. તેઓએ આ બારીક સમયે આગળ આવીને દુશ્મનના લશ્કરને અટકાવવાનું માથે લીધું. તેઓમાં મુખ્ય હારેશ્યસ હતો. તેણે આ પરાક્રમમાં પેહેલી હીમત ધરી, અને સૌથી છેલ્લો પોતાનું કામ પુરૂં કરીને પાછો હઠ્યો, આ ત્રણ બાહાદુર રોમનોએ પૂલને બીજે છેડે આવીને શત્રુના આખા લશ્કરની સામું ટક્કર લીધી, અને તેને આગળ વધવા દીધું નહીં; એટલા વખતમાં તેમની પાછળ રોમન લોકોને પૂલને તોડી પાડવાને લાગ મળ્યો. આ રીતે તેઓએ પોતાના શેહેરનો બચાવ કર્યો અને રોમન શૂરવીરોનું અમર નામ સંપાદન કર્યું.

નીચેની વાતમાં આ પરાક્રમનું વર્ણન કર્યું છે. હારેશ્યસ પછી એક શેકા કરતાં વધારે વખતને અંતરે એક રોમને એ વાત કહેલી છે,—જે પોતાના વડીલોને વાસ્તે ઘણું અભિમાન ધરાવે છે, અને પોતાના વખતના રોમન લોકો તેઓની અસલી પ્રૌઢતાની જોડે સરખાવતાં કેવી પડતી દશામાં આવી ગયલા છે તેનો શોક કરે છે. એ હકીકત વાત વાંચતી વખત આપણે ધ્યાનમાં રાખવી જોઈએ.

HORATIUS.

I.

LARS PORSENA of Clusium
  By the Nine Gods he swore
That the great house of Tarquin
  Should suffer wrong no more.
By the Nine Gods he swore it,
  And named a trysting day,
And bade his messengers ride forth,
East and west and south and north,
  To summon his array.

II.

East and west and south and north
  The messengers ride fast,
And tower and town and cottage
  Have heard the trumpet's blast.
Shame on the false Etruscan
  Who lingers in his home,
When Porsena of Clusium
  Is on the march for Rome.

III.

The horsemen and the footmen
  Are pouring in amain
From many a stately market-place;
  From many a fruitful plain;
From many a lonely hamlet,
  Which, hid by beech and pine,
Like an eagle's nest hangs on the crest
  Of purple Apennine;

IV.

From lordly Volaterræ,
  Where scowls the far-famed hold
Piled by the hands of giants
  For godlike kings of old;
From seagirt Populonia,
  Whose sentinels descry
Sardinia's snowy mountain-tops
  Fringing the southern sky;

V.

From the proud mart of Pisæ,
  Queen of the western waves,
Where ride Massilia's triremes
  Heavy with fair-haired slaves;
From where sweet Clanis wanders
  Through corn and vines and flowers;
From where Cortona lifts to heaven
  Her diadem of towers.

VI.

Tall are the oaks whose acorns
Drop in dark Auser's rill;
Fat are the stags that champ the boughs
Of the Ciminian hill;
Beyond all streams Clitumnus
Is to the herdsman dear;
Best of all pools the fowler loves
The great Volsinian mere.

VII.

But now no stroke of woodman
Is heard by Auser's rill;
No hunter tracks the stag's green path
Up the Ciminian hill;
Unwatched along Clitumnus
Grazes the milk-white steer;
Unharmed the water-fowl may dip
In the Volsinian mere.

VIII.

The harvests of Arretium,
This year, old men shall reap;
This year, young boys in Umbro
Shall plunge the struggling sheep;
And in the vats of Luna,
This year, the must shall foam
Round the white feet of laughing girls
Whose sires have marched to Rome.

IX.

There be thirty chosen prophets,
  The wisest of the land,
Who always by Lars Porsena
  Both morn and evening stand:
Evening and morn the Thirty
  Have turned the verses o'er,
Traced from the right on linen white
  By mighty seers of yore.

X.

And with one voice the Thirty
  Have their glad answer given:
"Go forth, go forth, Lars Porsena;
  Go forth, beloved of Heaven;
Go, and return in glory
  To Clusium's royal dome;
And hang round Nurscia's altars
  The golden shields of Rome."

XI.

And now hath every city
  Sent up her tale of men;
The foot are fourscore thousand,
  The horse are thousands ten.
Before the gates of Sutrium
  Is met the great array.
A proud man was Lars Porsena
  Upon the trysting day.

XII.

For all the Etruscan armies
  Were ranged beneath his eye,
And many a banished Roman,
  And many a stout ally;
And with a mighty following
  To join the muster came
The Tusculan Mamilius,
  Prince of the Latian name.

XIII.

But by the yellow Tiber
  Was tumult and affright:
From all the spacious champaign
  To Rome men took their flight.
A mile around the city,
  The throng stopped up the ways;
A fearful sight it was to see
  Through two long nights and days.

XIV.

For aged folks on crutches,
  And women great with child,
And mothers sobbing over babes
  That clung to them and smiled,
And sick men borne in litters
  High on the necks of slaves,
And troops of sun-burned husbandmen
  With reaping-hooks and staves.

XV.

And droves of mules and asses
  Laden with skins of wine,
And endless flocks of goats and sheep,
  And endless herds of kine,
And endless trains of waggons
  That creaked beneath the weight
Of corn-sacks and of household goods,
  Choked every roaring gate.

XVI.

Now, from the rock Tarpeian,
  Could the wan burghers spy
The line of blazing villages
  Red in the midnight sky.
The Fathers of the City
  They sat all night and day,
For every hour some horseman came
  With tidings of dismay.

XVII.

To eastward and to westward
  Have spread the Tuscan bands:
Nor house, nor fence, nor dovecote
  In Crustumerium stands.
Verbenna down to Ostia
  Hath wasted all the plain;
Astur hath stormed Janiculum,
  And the stout guards are slain.

XVIII.

I wis, in all the Senate,
There was no heart so bold,
But sore it ached, and fast it beat,
When that ill news was told.
Forthwith up rose the Consul,
Up rose the Fathers all;
In haste they girded up their gowns,
And hied them to the wall.

XIX.

They held a council standing
Before the River-Gate;
Short time was there, ye well may guess,
For musing or debate.
Out spake the Consul roundly:
"The bridge must straight go down;
For, since Janiculum is lost,
Nought else can save the town."

XX.

Just then a scout came flying,
All wild with haste and fear:
"To arms! to arms! Sir Consul;
Lars Porsena is here."
On the low hills to westward
The Consul fixed his eye,
And saw the swarthy storm of dust
Rise fast along the sky.

XXI.

And nearer fast and nearer
  Doth the red whirlwind come ;
And louder still and still more loud,
From underneath that rolling cloud,
Is heard the trumpet's war-note proud,
  The trampling, and the hum.
And plainly and more plainly
  Now through the gloom appears,
Far to left and far to right,
In broken gleams of dark-blue light,
The long array of helmets bright,
  The long array of spears.

XXII.

And plainly and more plainly,
  Above that glimmering line,
Now might ye see the banners
  Of twelve fair cities shine ;
But the banner of proud Clusium
  Was highest of them all,
The terror of the Umbrian,
  The terror of the Gaul.

XXIII.

And plainly and more plainly
  Now might the burghers know,
By port and vest, by horse and crest,
  Each warlike Lucumo.
There Cilnius of Arretium
  On his fleet roan was seen;

And Astur of the four-fold shield,
Girt with the brand none else may wield,
Tolumnius with the belt of gold,
And dark Verbenna from the hold
  By reedy Thrasymene.

XXIV.

Fast by the royal standard,
  O'erlooking all the war,
Lars Porsena of Clusium
  Sat in his ivory car.
By the right wheel rode Mamilius,
  Prince of the Latian name;
And by the left false Sextus,
  That wrought the deed of shame.

XXV.

But when the face of Sextus
  Was seen among the foes,
A yell that rent the firmament
  From all the town arose.
On the house-tops was no woman
  But spat towards him and hissed,
No child but screamed out curses,
  And shook its little fist.

XXVI.

But the Consul's brow was sad,
  And the Consul's speech was low,
And darkly looked he at the wall,
  And darkly at the foe.

"Their van will be upon us
Before the bridge goes down;
And if they once may win the bridge,
What hope to save the town?"

XXVII.

Then out spake brave Horatius,
The Captain of the Gate:
"To every man upon this earth
Death cometh soon or late.
And how can man die better
Than facing fearful odds,
For the ashes of his fathers,
And the temples of his Gods,

XXVIII.

"And for the tender mother
Who dandled him to rest,
And for the wife who nurses
His baby at her breast,
And for the holy maidens
Who feed the eternal flame,
To save them from false Sextus
That wrought the deed of shame?

XXIX.

"Hew down the bridge, Sir Consul,
With all the speed ye may;
I, with two more to help me,
Will hold the foe in play.

In yon strait path a thousand
May well be stopped by three,
Now who will stand on either hand,
And keep the bridge with me?"

XXX.

Then out spake Spurius Lartius;
A Ramnian proud was he:
"Lo, I will stand at thy right hand,
And keep the bridge with thee."
And out spake strong Herminius;
Of Titian blood was he:
"I will abide on thy left side,
And keep the bridge with thee."

XXXI.

"Horatius," quoth the Consul,
"As thou sayest, so let it be."
And straight against that great array
Forth went the dauntless Three.
For Romans in Rome's quarrel
Spared neither land nor gold,
Nor son nor wife, nor limb nor life,
In the brave days of old.

XXXII.

Then none was for a party;
Then all were for the state;
Then the great man helped the poor,
And the poor man loved the great:

Then lands were fairly portioned;
  Then spoils were fairly sold:
The Romans were like brothers
  In the brave days of old.

XXXIII.

Now Roman is to Roman
  More hateful than a foe,
And the Tribunes beard the high,
  And the Fathers grind the low.
As we wax hot in faction,
  In battle we wax cold:
Wherefore men fight not as they fought
  In the brave days of old.

XXXIV.

Now while the Three were tightening
  Their harness on their backs,
The Consul was the foremost man
  To take in hand an axe:
And Fathers mixed with Commons,
  Seized hatchet, bar, and crow,
And smote upon the planks above,
  And loosed the props below.

XXXV.

Meanwhile the Tuscan army,
  Right glorious to behold,
Came flashing back the noonday light,
Rank behind rank, like surges bright
  Of a broad sea of gold.

Four hundred trumpets sounded
  A peal of warlike glee,
As that great host, with measured tread,
And spears advanced, and ensigns spread,
Rolled slowly towards the bridge's head,
  Where stood the dauntless Three.

XXXVI.

The Three stood calm and silent,
  And looked upon the foes,
And a great shout of laughter
  From all the vanguard rose:
And forth three chiefs came spurring
  Before that deep array;
To earth they sprang, their swords they drew,
And lifted high their shields, and flew
  To win the narrow way:

XXXVII.

Aunus from green Tifernum,
  Lord of the Hill of Vines;
And Seius, whose eight hundred slaves
  Sicken in Ilva's mines;
And Picus, long to Clusium
  Vassal in peace and war,
Who led to fight his Umbrian powers
From that grey crag where, girt with towers,
The fortress of Nequinum lowers
  O'er the pale waves of Nar.

XXXVIII.

Stout Lartius hurled down Aunus
Into the stream beneath :
Herminius struck at Seius,
And clove him to the teeth :
At Picus brave Horatius
Darted one fiery thrust ;
And the proud Umbrian's gilded arms
Clashed in the bloody dust.

XXXIX.

Then Ocnus of Falerii
Rushed on the Roman Three ;
And Lausulus of Urgo,
The rover of the sea ;
And Aruns of Volsinium,
Who slew the great wild boar,
The great wild boar that had his den
Amidst the reeds of Cosa's fen,
And wasted fields, and slaughtered men,
Along Albinia's shore.

XL.

Herminius smote down Aruns :
Lartius laid Ocnus low :
Right to the heart of Lausulus
Horatius sent a blow.
"Lie there," he cried, "fell pirate!
No more, aghast and pale,
From Ostia's walls the crowd shall mark

The track of thy destroying bark.
No more Campania's hinds shall fly
To woods and caverns when they spy
Thy thrice accursed sail."

XLI.

But now no sound of laughter
Was heard among the foes.
A wild and wrathful clamour
From all the vanguard rose.
Six spears' lengths from the entrance
Halted that deep array,
And for a space no man came forth
To win the narrow way.

XLII.

But hark! the cry is Astur:
And lo! the ranks divide;
And the great Lord of Luna
Comes with his stately stride.
Upon his ample shoulders
Clangs loud the four-fold shield,
And in his hand he shakes the brand
Which none but he can wield.

XLIII.

He smiled on those bold Romans
A smile serene and high;
He eyed the flinching Tuscans,
And scorn was in his eye.

Quoth he, "The she-wolf's litter
 Stand savagely at bay:
But will ye dare to follow,
 If Astur clears the way?"

XLIV.

Then, whirling up his broadsword
 With both hands to the height,
He rushed against Horatius,
 And smote with all his might.
With shield and blade Horatius
 Right deftly turned the blow.
The blow, though turned, came yet too nigh;
It missed his helm, but gashed his thigh:
The Tuscans raised a joyful cry
 To see the red blood flow.

XLV.

He reeled, and on Herminius
 He leaned one breathing-space;
Then, like a wild cat mad with wounds,
 Sprang right at Astur's face.
Through teeth, and skull, and helmet
 So fierce a thrust he sped,
The good sword stood a hand-breadth out
 Behind the Tuscan's head.

XLVI.

And the great Lord of Luna
 Fell at that deadly stroke,

As falls on Mount Alvernus
  A thunder-smitten oak.
Far o'er the crashing forest
  The giant arms lie spread;
And the pale augurs, muttering low,
  Gaze on the blasted head.

XLVII.

On Astur's throat Horatius
  Right firmly pressed his heel,
And thrice and four times tugged amain,
  Ere he wrenched out the steel.
"And see," he cried, "the welcome,
  Fair guests, that waits you here!
What noble Lucumo comes next
  To taste our Roman cheer?"

XLVIII.

But at his haughty challenge
  A sullen murmur ran,
Mingled of wrath, and shame, and dread,
  Along that glittering van.
There lacked not men of prowess,
  Nor men of lordly race;
For all Etruria's noblest
  Were round the fatal place.

XLIX.

But all Etruria's noblest
  Felt their hearts sink to see

On the earth the bloody corpses,
In the path the dauntless Three:
And, from the ghastly entrance,
Where those bold Romans stood,
All shrank, like boys who unaware,
Ranging the woods to start a hare,
Come to the mouth of the dark lair
Where, growling low, a fierce old bear
Lies amidst bones and blood.

L.

Was none who would be foremost
To lead such dire attack:
But those behind cried "Forward!"
And those before cried "Back!"
And backward now and forward
Wavers the deep array;
And on the tossing sea of steel
To and fro the standards reel;
And the victorious trumpet-peal
Dies fitfully away.

LI.

Yet one man for one moment
Strode out before the crowd;
Well known was he to all the Three,
And they gave him greeting loud.
"Now welcome, welcome, Sextus!
Now welcome to thy home!
Why dost thou stay, and turn away?
Here lies the road to Rome."

LII.

Thrice looked he at the city;
Thrice looked he at the dead;
And thrice came on in fury,
And thrice turned back in dread:
And, white with fear and hatred,
Scowled at the narrow way
Where, wallowing in a pool of blood,
The bravest Tuscans lay.

LIII.

But meanwhile axe and lever
Have manfully been plied;
And now the bridge hangs tottering
Above the boiling tide.
"Come back, come back, Horatius!"
Loud cried the Fathers all.
"Back, Lartius! back, Herminius!
Back, ere the ruin fall!"

LIV.

Back darted Spurius Lartius;
Herminius darted back:
And, as they passed, beneath their feet
They felt the timbers crack.
But when they turned their faces,
And on the farther shore
Saw brave Horatius stand alone,
They would have crossed once more.

LV.

But with a crash like thunder
  Fell every loosened beam,
And, like a dam, the mighty wreck
  Lay right athwart the stream:
And a long shout of triumph
  Rose from the walls of Rome,
As to the highest turret-tops
  Was splashed the yellow foam.

LVI.

And, like a horse unbroken
  When first he feels the rein,
The furious river struggled hard,
  And tossed his tawny mane,
And burst the curb, and bounded,
  Rejoicing to be free,
And whirling down, in fierce career,
Battlement, and plank, and pier,
  Rushed headlong to the sea.

LVII.

Alone stood brave Horatius,
  But constant still in mind;
Thrice thirty thousand foes before,
  And the broad flood behind.
"Down with him!" cried false Sextus,
  With a smile on his pale face.
"Now yield thee," cried Lars Porsena,
  "Now yield thee to our grace."

LVIII.

Round turned he, as not deigning
  Those craven ranks to see;
Nought spake he to Lars Porsena,
  To Sextus nought spake he;
But he saw on Palatinus
  The white porch of his home;
And he spake to the noble river
  That rolls by the towers of Rome.

LIX.

"Oh, Tiber! father Tiber!
  To whom the Romans pray,
A Roman's life, a Roman's arms,
  Take thou in charge this day!"
So he spake, and speaking sheathed
  The good sword by his side,
And with the harness on his back,
  Plunged headlong in the tide.

LX.

No sound of joy or sorrow
  Was heard from either bank;
But friends and foes in dumb surprise,
With parted lips and straining eyes,
  Stood gazing where he sank;
And when above the surges
  They saw his crest appear,
All Rome sent forth a rapturous cry,
And even the ranks of Tuscany
  Could scarce forbear to cheer.

LXI.

But fiercely ran the current,
Swollen high by months of rain:
And fast his blood was flowing;
And he was sore in pain,
And heavy with his armour,
And spent with changing blows:
And oft they thought him sinking,
But still again he rose.

LXII.

Never, I ween, did swimmer,
In such an evil case,
Struggle through such a raging flood
Safe to the landing place:
But his limbs were borne up bravely
By the brave heart within,
And our good father Tiber
Bare bravely up his chin.

LXIII.

"Curse on him!" quoth false Sextus;
"Will not the villain drown?
But for this stay, ere close of day
We should have sacked the town!"
"Heaven help him!" quoth Lars Porsena,
"And bring him safe to shore;
For such a gallant feat of arms
Was never seen before."

LXIV.

And now he feels the bottom;
Now on dry earth he stands;
Now round him throng the Fathers
To press his gory hands;
And now, with shouts and clapping,
And noise of weeping loud,
He enters through the River-Gate,
Borne by the joyous crowd.

LXV.

They gave him of the corn-land,
That was of public right,
As much as two strong oxen
Could plough from morn till night;
And they made a molten image,
And set it up on high,
And there it stands unto this day
To witness if I lie.

LXV.

It stands in the Comitium,
Plain for all folk to see;
Horatius in his harness,
Halting upon one knee:
And underneath is written,
In letters all of gold,
How valiantly he kept the bridge
In the brave days of old.

LXVII.

And still his name sounds stirring
  Unto the men of Rome,
As the trumpet-blast that cries to them
  To charge the Volscian home;
And wives still pray to Juno
  For boys with hearts as bold
As his who kept the bridge so well
  In the brave days of old.

LXVIII.

And in the nights of winter,
  When the cold north winds blow,
And the long howling of the wolves
  Is heard amidst the snow;
When round the lonely cottage
  Roars loud the tempest's din,
And the good logs of Algidus
  Roar louder yet within;

LXIX.

When the oldest cask is opened,
  And the largest lamp is lit;
When the chestnuts glow in the embers,
  And the kid turns on the spit;
When young and old in circle
  Around the firebrands close;
When the girls are weaving baskets,
  And the lads are shaping bows;

LXX.

When the goodman mends his armour,
  And trims his helmet's plume;
When the goodwife's shuttle merrily
  Goes flashing through the loom;
With weeping and with laughter
  Still is the story told,
How well Horatius kept the bridge
  In the brave days of old.

ERRATA.

શુદ્ધિપત્રક.

Page	Line	અશુદ્ધ	શુદ્ધ
1	5	હતા	હતો
2	10	લાસ	લાર્સ
2	27	શુર	શૂર
27	19	LXV	LXVI
48	21	આસ્ટ્રીઆ	આસ્ટ્રીઆ
49	1	VXIII	XVIII
50	22	વડો મુરબ્બી	વડો, મુરબ્બી
50	24	રાજા, સાહેબ	રાજા સાહેબ
52	4	વેહેતી	વહેતી
52	8	સીસેલપાઇનાં	સીસેલપાઇના
42	19	જુઆ	જુઓ
53	28	ઉચા	ઉંચાં
55	12	*I*3 ની ટીકા	I. 3 ની ટીકા
55	13	૧૫૧૦	૫૧૦
58	20, 21	તેની સાથે	તેની
59	23	વેંહેંચી	વેચી
61	28	સફેદ	સફેત
68	1	ઉપમા"	ઉપમા
71	21	મારી નાખ્યો,	મારી નાખ્યો.
73	15	જુઍ	જુઓ
75	2	મળતું	મળતા

ટીકા

NOTES

જે જે ઠેકાણે વ્યાકરણ જોવાનું લખેલું છે તે તે ઠેકાણે

Howard's Rudimentary English Grammar સમજવું.

Stanza	Line	NOTES	
I	1	**Lars Porsena**	કલુસીઅમનો રાજા, અને અહંકારી ટાર્કવીનનો મદદગાર. જુઓ ઉપોદ્‌ઘાત.
		Clusium	ઈટ્રૂરીઆના એક શેહેરનું નામ, તે શેહેર-ક્લેનીસ નદી ઉપર એક ઊંચી જગા ઉપર હતું, અને ઘણું શક્તિવાન હતું. તે લાર્સ પોર્સીનાની રાજધાની હતું, અને ઈટ્રૂરી-આના એકસંપી શેહેરોમાં મુખ્ય હતું. જુઓ XXII. 4. ની ટીકા.
	2	**By the nine gods he swore**	તેણે નવ દેવોના સોગન ખાધા; જેમ' હું મારા સમ ખાઉંછું *I swear by myself;* હું ઈશ્વરના સમ ખાઉંછું *I swear by God.*
		the nine gods	અહીંઆં *The (Definite Article)* કોઈ અમુક દેવ દેખાડેછે. આ વાકયમાં જે નવ દેવો કહેલા છે તેઓને ઈટ્રસ્કન લોકો મુ-ખ્ય માનતા હતા. તે દેવો વિજળી ઉપર પોતાની સત્તા ચલાવતા હતા.

Stanza	Line	NOTES	
	2	**he swore**	સર્વનામ ઘણું કરીને પોતાના નામને ઠેકાણે વપરાયછે, પણ અહીંઆં નામની સાથે વપરાયું છે તેથી નામ વિશે આપણા મન ઉપર વધારે અસર થાયછે. વ્યાકરણ પ્રમાણે તે નામ જોડે વિભક્તિમાં મળતું આવેછે (*in apposition*) એમ કહી શકાય. જુઓ *Grammar*, 135. સર્વનામ એવી રીતે પોતાના નામની સાથે કવિતામાં સાધારણ રીતે વપરાયછેઃ જુઓ xvi. 5, 6: *The fathers—they*.
	3	**That the great house &c.**	આ વાક્ય *swore* ક્રિયાપદનું કર્મ છે. જુઓ *Grammar*, 157.
		the great house of Tarquin	ટાર્કવીન કુટુંબની દોલત અને સત્તાનો સ્થાપનાર ડેમેરેટસ જાતે ગ્રીક હતો. તે પોતાના સ્વદેશ કારીન્થમાં કંઈ રાજ્યમાં બખેડો થયો તેથી ત્યાંથી નાસીને ઈટ્રૂરીઆના ટાર્કવીનીઆઈ શેહેરમાં આવીને રહ્યો હતો. ત્યાં વેપાર કરીને તેણે ઘણો પૈસો મેળવ્યો, અને એક ઈટ્રસ્કન સ્ત્રી જોડે પોતાનાં લગ્ન કર્યાં. તેનો પુત્ર લુકયુમો ટાર્કવીનીઆઈ છોડીને રોમ શેહેરમાં આવીને વસ્યો, અને પોતાના ડહાપણ અને દોલતથી રોમન લોકોનો એટલો બધો પ્યાર મેળવ્યો કે તેઓએ તેને પોતાનો રાજા બનાવ્યો. તેણે લુશ્યસ ટાર્કવીનીયસ પ્રીસ્કસનું રોમન નામ ધારણ કર્યું, અને રોમના સાત રાજાઓમાં તે પાંચમો થયો. તે પોતાની પાછળ બે દીકરીઓ અને બે દીકરા મુકીને મરણ પામ્યો. એ બે દીકરાઓમાંથી એક રોમનો રાજા થયો;

Stanza	Line	NOTES
I	3	તે અહંકારી ટાર્કવીનને નામે ઓળખાયછે. પણ અહંકારી ટાર્કવીન પોતાના બાપ પછી તરત ગાદી ઉપર બેઠો નહીં. બાપ અને દીકરાની વચ્ચે સર્વિઅસ ટલીઅસે રાજ્ય કર્યું. તે ટાર્કવીનીઅસ પ્રીસ્કસની એક દીકરીને પરણ્યો હતો, અને તેણે પોતાના ડહાપણથી એટલી બધી સત્તા મેળવી હતી કે તેનો સસરો મરણ પામ્યો ત્યારે તેને ગાદી મળી. આ રાજાને બે દીકરીઓ હતી, તેઓમાં એક માયાળુ અને એક ક્રૂર હતી. એ બંનેને તેણે ટાર્કવીનીઅસના બે દીકરા સાથે પરણાવી; માયાળુ દીકરીને અહંકારી ટાર્કવીન જોડે અને ક્રૂર દીકરીને ટાર્કવીનના માયાળુ ભાઈ જોડે પરણાવી. પણ અંધારૂં અને અજવાળું કદી એકઠાં રહી શકે નહીં; તે પ્રમાણે ક્રૂર ભર્થારે પોતાની માયાળુ સ્ત્રીને, અને ક્રૂર સ્ત્રીએ પોતાના માયાળુ ભર્થારને મારી નાખ્યો. પછી એ બંને પાપી પુરૂષ સ્ત્રી પરણ્યાં, અને રાજ્ય મેળવવાને વાસ્તે તરત કાવત્રાં કરવા લાગ્યાં. તેઓએ ઘણાએક બળવાન રોમનો જોડે, એક તરકટ રચ્યું. તેઓ રાજ્ય કારભાર કરનારી સભાના મંદીરમાં એકઠા મળ્યા અને ટાર્કવીનને રાજા પ્રસિદ્ધ કર્યો. સર્વિઅસ લોકોની બુમો સાંભળીને સભાના મંદીરમાં ગાડીમાં બેસીને આવ્યો; ત્યાં ટાર્કવીને પોતાના વૃદ્ધ સસરાને પકડ્યો, અને દરવાજાનાં પથ્થરનાં પગથીઆં ઉપરથી નીચે ફેંકી દીધો. આ સ્થિતિમાં

Stanza	Line		NOTES
I	3		બિચારો વૃદ્ધ રાજા નાઉમેદીમાં અને લોહી-વાળો પોતાના મેહેલ તરફ પાછો આવ-વાનું કરતો હતો, એટલામાં રસ્તામાં તેને ટાર્કવીનના માણસોએ પકડી પાડયો અને મારી નાખ્યો. ટાર્કવીનની નિર્દય સ્ત્રી રાજ્ય સભામાં આવી, અને ઘણી ખુશીથી પોતાના ધણીને રાજ્ય ગાદી મળી માટે તેનો સત્કાર કર્યો. અને ઘેર જતી વખ-તે સાર્થિને ગાડી પોતાના બાપના મુડદાં ઉપરથી હાંકવાની આજ્ઞા કરી, અને તેની ગાડીના પૈડાં તે ઘરડા રાજાના લોહીથી રાતાં થઈ ગયાં. આ પ્રમાણે અહંકારી ટાર્કવીનને ગાદી મળી. તેની જીંદગીનો છેલ્લો ભાગ દુરા-ચરણમાં ગયો એમાં કંઈ નવાઈ નથી; અને તેનો અંત દેશનિકાલમાં આવ્યો એમાં કંઈ આશ્ચર્ય નથી.
	4	**should suffer**	આ ક્રિયાપદ ભૂતકાળમાં છે કેમકે મુ-ખ્ય ક્રિયાપદ *swore* જે ભૂતકાળમાં છે તેના ઊપર તે આધાર રાખે છે. જુઓ *Grammar* 157, 158.
	5	**it**	સર્વનામ નામને બદલે મુકાયું છે. *That the great house, &c.* એ વાક્ય નામની બ-રોબર છે; એ નામને ઠેકાણે *it* વપરાયું છે.
	7	**ride forth**	જુઓ *Grammar* 146.
	8	**east and west &c**	*Adverbs of place = to east, eastward, &c.* જુઓ XVII. 1.
	9	**to summon**	*Infinitive mood expressing purpose.* જુઓ *Grammar* 147.§

Stanza	Line	NOTES	
II	2	**fast**	*Adjective used adverbially.*
	4	**have heard**	એની આગળનું ક્રિયાપદ *ride* વર્તમાન કાળમાં, અને એ ક્રિયાપદ ભૂત વર્તમાન કાળમાં (*Perfect tense*) છે. એ કાળનો ફેરફાર ધ્યાનમાં રાખવો જોઈએ. ભૂતવર્તમાન કાળમાં જે ક્રિયાપદ છે તે કાસદોની દોડવામાં ઝડપ જે બોલનારના મનમાં છે તે દેખાડેછે. કાસદો એટલી ઝડપથી દોડેછે કે તેઓ જેવા નીકળ્યા તેવાજ ઈટ્રસ્કન લોકોને સંદેશો કહેછે.
	5	**shame on ——**	*Shame (be) on:* ધિક્ક છે એવા ઈટ્રસ્કનને.
		the false Etruscan	એટલે કોઈપણ નિમકહરામ ઈટ્રસ્કન. એક વચનના નામની સાથે જ્યારે *definite article* આવેછે ત્યારે કોઈવાર સંખ્યા અથવા વર્ગ (*a number or class*) બતાવેછે એ પ્રમાણે:—vi. 6; *the herdsman = herdsmen.* vi. 7; *the fowler = fowlers.* vii. 3; *the stag's = stags'.* vii. 6; *the milk-white steer = milk-white steers.*
		false	બેવફાદાર, જે પોતાના સરદાર લાર્સ પોર્સીનાનો હુકમ ન માને તે.
	8	**Rome**	રોમ, જે રોમન બાદશાહી રાજ્યની જુની રાજધાનીનું શેહેર હતું, અને હજુ સુધી પણ રોમન કેથલિક ધર્મનું મુખ્ય ધામ અને આશ્રમ છે, તેને રામ્યુલસ તેના પેહેલા રાજાએ ઈ. પૂ. ૭૫૩ માં સ્થાપ્યું. અહંકારી ટાર્કવીન જ્યારે દેશનિકાલ થયો ત્યારે એ શેહેરને આશરે ૨૫૦ વરસ થયાં હતાં,

Stanza	Line	NOTES	
II	8		અને ઈટાલી દેશમાં તે સૌથી બળવાન ગણાતું હતું. ટાઈબર નદીની ડાબી બાજુએ સમુદ્રથી ૧૬ મૈલને અંતરે સાત ટેકરીઓ ઉપર તેને બાંધ્યું હતું. તેની આસપાસ સાત મૈલનો ફરતો કોટ હતો.
III	1	**the horsemen &c**	III. થી V. સુધી એક આખું વાક્ય થાયછે. *"From many a stately market-place"* —*"from many a fruitful plain"*— *"from many a lonely hamlet"*—*"from lordly Volaterrae," &c.,* એ સર્વ ક્રિયાવિશેષણ વાક્યો (*adverbial sentences*) છે, અને સ્થળ દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યયની પેઠે વપરાયાં છે, અને મુખ્ય વાક્યના ક્રિયાપદ *are pouring in* નો ગુણ બતાવે છે.
	3	**many a**	જુઓ *Grammar* 70.
		market-place	જુઓ *Grammar* 133.
	7	**like an eagle's nest**	*like* નું વ્યાકરણ વિશેષણ થાય છે, તેની પછી શબ્દયોગી અવ્યય (*preposition*) *to* સમજવો જે *objective case* માં *nest* નો સંબંધ દેખાડે છે.
		hangs	જાણે હવામાં કંઈ આશ્રય વિના લટકતા દેખાતા હોય.
	8	**purple Apennine**	એપીનાઈન પર્વતની હાર પીઠની કરોડની પેઠે ઈટાલી દેશના ઉત્તરથી દક્ષિણ છેડા સુધી આવેલી છે. પર્વતનો રંગ જાંબુડો કહેવાય છે, કેમકે તેની ઉપરના ઝાડો અને ખડકોને લીધે તે દૂરથી એવો માલમ પડે છે.

Stanza	Line	NOTES	
IV	1	lordly Volaterræ	વાલેટેરી શેહેર ઈટ્રરીઆના બાર શેહેરોમાંનું એક હતું (જુઓ XXII. 4 ની ટીકા.) તે ઈટ્રરીઆના વાય્વ ખુણામાં એક ઉંચી અને સીધી ટેકરી ઉપર હતું, તેથી તે *lordly* કહેવાય છે.
	2	scowls	ધુરકે છે, ભયંકર દેખાયછે, જુઓ LII. 6.
		The far-famed hold	વાલેટેરીનો કુદરતી કિલ્લો એવો મજબૂત અને દબદબા ભરેલો હતો, કે તેને વીર પુરૂષોના યુગમાં રાક્ષસોએ બનાવ્યો હતો એમ લોકો માનતા હતા.
	5	Populonia	પાપ્યુલોનીઆ ઈટ્રરીઆમાં વ્યાપારનું એક મોટું બંદર હતું. તે એક ઉંચા દ્વીપકલ્પ ઉપર હતું, તેથી દરીઆથી વીટળાયલું કહેવાય છે.
	7	Sardinia's snowy mountain-tops	સાર્ડીનીઆનો મોટો ટાપુ ઈલીરીઅન સમુદ્રના મધ્ય ભાગમાં—ઉત્તર દક્ષિણ તરફ આફ્રિકા અને જીનોઆના અખાતની વચ્ચે અને પૂર્વ પશ્ચિમે ઈટાલી અને ફ્રાન્સની વચ્ચે છે. તેની બરફથી ઢંકાયલી ટોંચવાળા પહાડોની હાર પાપ્યુલોનીઆની ટેકરીઓ ઉપરથી દેખાય છે.
V	1	proud mart of Pisæ	*Proud* એટલે શોભીતું, મોટું જેમ, *Stately market-place* III. 3. પાઈસી શેહેર ઈટ્રરીઆના બાર શેહેરોમાંનું એક હતું. (જુઓ XXII. 4 ની ટીકા). તે આર્નસ અને આસર નદીઓના સંગમ ઉપર દરીઆથી છ મૈલને અંતરે હતું. તે મોટા વ્યાપારનું સ્થળ અને સારૂં બંદર ગણાતું હતું, તેથી

Stanza	Line		NOTES
V	1		તે દરીઆનું રાજ્ય ચલાવેછે એમ કહેવાયછે.
V	3	ride	જ્યારે કોઈ વાહાણ દરીઆમાં લંગરવાર થાયછે ત્યારે "*The ship rides*" એમ કહેવાય. તેમજ જે જગાએ વાહાણો ઘણુંકરીને લંગરવાર થાયછે તેને વારંવાર *road* અથવા *roadstead* (બારૂં) કહેછે.
		Massilia	ફ્રાન્સની દક્ષિણે એક બંદર છે, તેને હાલ માર્સેલ્સ કહેછે.
	4	heavy with	*Carrying* : ભરેલાં.
		fair-haired	ખુલ્લા રંગના બાલવાળા ગુલામો. તેઓ ઉત્તર યુરોપના લોકની જાતના હતા, જ્યાંથી તેઓને મેસીલીઆમાં વ્યાપારીઓ લાવતા, અને ગુલામ કરીને ત્યાંથી તેઓને જળમાર્ગે ઈટાલી ચઢાવતા. ઈટાલીના અને દક્ષિણ યુરોપના લોકોના કેશ કાળા અને ચામડી ઘઉં વર્ણી હતી.
	5	from where	આ વાક્યમાં સંબંધ દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યય *where* ની આગળના નામનો લોપ થયો છે. જો તે નામને મુકીએ તો વાક્યનું રૂપ *from the place where* થશે. જુઓ *Grammar* 66, 101.
		sweet Clanis	ક્લેનીસ ઈટ્રુરીઆની એક નદી જે વાલસીનીઅન સરોવર આગળ (vi. 8) ટાઈબર નદીને મળેછે. એ નદીના કીનારા ઉપર ક્લુસીઅમ શેહેર છે. *Sweet* એટલે સુંદર.

Stanza	Line	NOTES	
V	7	**Cortona**	ઈટ્રૂરીઆના બાર શેહેરમાંનું કારટોના એક શેહેર હતું, (જુઓ XXII. 4,) તે એસીમીન સરોવરના વાવ્ય ખુણામાં હતું. (જુઓ XXIII. 11.)
	8	**diadem of towers**	એટલે કિલ્લાના ગોળાકૃતીના બુરૂજો.
VI	2	**Drop in**	ક્રિયાપદ *drop* ગતિ દેખાડેછે (જુઓ *Grammar* 104, 11) માટે એની પછી *in* ને બદલે *into* આવવો જોઈએ એમ આપણે ધારીશું. પણ કવિના મનમાં ઝાડપરથી ફળ પડેછે તેની ગતિનો વિચાર નથી. ફળ ઝાડપરથી પડ્યા પછી પાણી ઉપર સ્થિર રહેછે તે સ્થિરતાનો વિચાર વધારે મજબૂત લાગેછે.
		dark Auser	આસર ઈટ્રૂરીઆના વાવ્ય ખુણામાં એક નાની નદી. પાઈસી તેના અને આર્નસના સંગમ ઉપર છે, (જુઓ V. 1 ની ટીકા.) એના કીનારા ઉપરના ઓકના ઝાડોના છાંયાને લીધે એનું પાણી *dark* કહેવાયછે.
	4	**Ciminian hill**	એ પહાડની હાર સિમીનીઅન સરોવર આગળથી ઉંચી ચઢતી દેખાય છે. તે ટાર્કવીનીઆઈના વાવ્ય ખુણામાં છે, અને તેના ઉપર ઝાડોની મોટી ઘટા આવેલી છે.
	5	**Clitumnus**	એક નાની નદી જે અંબ્રીઆમાં કોઈ ટેકરીમાંથી નીકળીને ટાઈબર નદીની શાખા ટીનીઆને મળેછે. તેના મૂળ આગળ ક્લાઈટમ્નસ દેવનું એક દેવળ હતું, અને તે પવિત્ર ગણાતી હતી. LIX. 1 ની ટીકા જુઓ.

Stanza	Line	NOTES	
VI	6,7	the herdsman the fowler	II. 5 ની ટીકા જુઓ.
	8	the great Volsinian mere	ઈટ્રુરીઆમાં એક મોટું સરોવર જે જંગલી પક્ષીઓનું પ્યારૂં રહેઠાણ હતું. વાલસીનીઆઈ શેહેર એ સરોવરના ઈશાન ખુણામાં હતું.
VII	1	But now no stroke &c	આસર નદી, સિમીનીઅન પહાડો, ક્લાઈટમ્નસનો ઝરો, અને વાલસીનીઅન સરોવર એ સર્વ ઠેકાણાં હમણાં શાંત અને ઊજડ થઈ ગયાં છે, કેમકે કઠિયારા, શીકારીઓ, ગોવાળીઆ, અને પારધીઓ વગેરે સર્વ લોકો રોમની સામા લડાઈ કરવાને ગયા છે.
	6	the milk-white steer	ક્લાઈટમ્નસ નદીની ફળદ્રુપ ખીણ તેના સફેત રંગના ઢોરની ઉપજને વાસ્તે પ્રખ્યાત હતી. એ ઢોર દેવને ભોગ આપવાને વાસ્તે ઘણાં ઉપયોગી ગણાતાં હતાં.
VIII	1	The harvests &c	આ વાક્યમાં *old men* કર્ત્તા, *shall reap* ક્રિયાપદ, અને *harvests* કર્મ છે.
		harvests of Aretium	એરેશ્યમ જે ઈટ્રુરીઆના ઈશાન ખુણામાં એપીનાઈન પર્વતની તળેટી આગળ હતું તે ઈટ્રુરીઆનું એક પ્રખ્યાત શેહેર હતું. તેનાં ફળદ્રુપ ખેતરોમાં અર્નસ અને ટાઈબર નદીઓનાં પાણી વહેતાં હતાં, તેથી ત્યાં અનાજ અને દ્રાક્ષના દારૂની ઉપજ સારી થતી હતી.
	2	this year	આ વાક્ય અહીંઆં ક્રિયાવિશેષણને અર્થે (*adverbially*) વપરાયું છે. એની

Stanza	Line		NOTES
VIII	2		આગળ આપણે *"in," "during,"* અથવા *"for"* સમજવું, અથવા એથી સારી રીત એને *objective case* માં ગણવાની છે. એ અમુક વખત દેખાડેછે.
	3	Umbro	ઈટ્રુરીઆમાં એક મોટી નદી જે નૈરૃત્ય ખુણામાં વેહેછે, અને, ટીર્હીનીઅન સમુદ્રને મળેછે.
	5	the vats of Luna	લ્યુના, ઈટ્રુરીઆના વાવ્ય ખુણામાં લીગ્યુરીઆની હદ આગળ એક શેહેર. તે દ્રાક્ષના દારૂ અને આરસપાહાણને વાસ્તે પ્રખ્યાત હતું.
	6	the must shall foam &c.	રોમન લોકોમાં દ્રાક્ષનો દારૂ બનાવવાની રીત નીચે પ્રમાણે હતી. તેઓ દ્રાક્ષને એક ટાંકામાં ભરતા હતા, અને પછી તેને પગવડે દાબીને તેમાંથી રસ કાઢતા હતા. આ મીઠા અને વગર ઉકાળેલા રસને તેઓ *must* કહેતા.
IX	1	there be	અહીંઆં *there* વિશેષક (*predicate*) છે, અને નિશ્ચય અર્થ દેખાડતું નથી. *There be=there are. Be* સંશયાર્થ (*subjunctive mood*) નથી, પણ જુની ઈંગ્રેજી ભાષા પ્રમાણે નિશ્ચયાર્થ વર્તમાન કાળનું રૂપ (*present indicative*) છે. જેમ *Now who be ye? = who are ye?—Lord Ullin's Daughter, " Child's Garland," page* 244.
		thirty chosen prophets	અસલના ક્લુસીઅન લોકો તેઓની ભવિષ્ય કહેવાની અને વશીકરણ વિદ્યાને માટે પ્રખ્યાત હતા, અને તેઓને જોઈને

Stanza	Line		NOTES
IX	1		રોમન લોકો શકુન અને ચમત્કારી બનાવોને માનતા હતા.
	5	the Thirty	I. 2 ની ટીકા જુઓ. ૩ અને તેના ગુણાકારમાં કંઈ ગૂઢાર્થ રહેલો હોય એવું અસલના લોકો માનતા હતા એમ જણાયછે.
	6	the verses	I. 2 ની ટીકા જુઓ. એ ઈટ્રસ્કન લોકોનાં જુનાં પુસ્તકો હતાં, જેમાં ભવિષ્ય સૂચના, અદ્ભુત બીનાઓ, અને ધર્મ ક્રિયાનું વર્ણન કરેલું હતું. એ પુસ્તકોમાં લખેલી બીનાઓ ટેજીસ નામના એક વામન સ્વરૂપના પણ પ્રૌઢ ડહાપણવાળા પ્રાણીએ પ્રથમ કહી હતી, એમ લોકો માનતા હતા. તે ઈટ્રીઆમાં ટાર્ક્વીનીઆઈ પાસેની જમીનમાંથી અલૌકિક રીતે બહાર નીકળી આવ્યો, અને એકઠા મળેલા લોકોને પોતાની ગુપ્ત વાતો સમજાવીને તરત અલોપ થયો.
	7	Traced from the right on linen white	જુની ઈટ્રસ્કન ભાષા જેને વિશે આપણે કંઈજ જાણતા નથી. તેને વાંચવાની રીત અરબી ભાષાની પેઠે જમણી બાજુએથી ડાબી બાજુ તરફ હતી.
X	1	with one voice	એટલે, તેઓ એક મતથી બોલ્યા.
	2	glad	એટલે, ખુશી ભરેલો, અનુકૂળ.
	4	beloved of Heaven	= *Beloved by heaven.*
	6	Clusium's royal dome	અહીંઆં *dome* એટલે મેહેલ. એનો ખરો અર્થ ઘુમટ, મેહેલનો એક ભાગ છે,

Stanza	Line		NOTES
X	6		પણ, ઉપલક્ષણ રૂપકથી (*synecdoche*), વસ્તુનો એક ભાગ તે આખી વસ્તુને વાસ્તે વપરાયો છે.
	7	**Nurscia's altars**	એક ઈટ્રસ્કન દેવી, જે હિંદુ લોકોની લક્ષ્મીને મળતી આવેછે. તેનું વોલસીનીઆઈમાં એક દેવળ હતું.
	8	**The golden shields**	સોનાની ઢાલો. એ ઢાલો બાર હતી, જેને અસલના રોમન લોકો રોમ શેહેરનું રક્ષણ કરવાને દેવોની પ્રતિજ્ઞાની નીશાની માનતા હતા. એ ઢાલોની ઉત્પત્તી વિશે નીચે પ્રમાણે દંતકથા ચાલેછેઃ—
			જ્યારે રોમ શેહેરમાં તેનો બીજો રાજા ન્યુમા રાજ્ય કરતો હતો ત્યારે એક દીવસ એવું બન્યું કે વરસાદ અને વિજળીના કડાકા સાથે ભારે તોફાનો થયાં. ત્યારે ન્યુમાએ ફાનસ અને પાઈકસ નામના બે વનના દેવતાની પ્રાર્થના કરી. તેઓએ તેના ઉપર પ્રસન્ન થઈને પોતાની મંત્ર શકિતવડે સર્વ દેવના રાજા અને વિજળી પતિ જુપિટરને સ્વર્ગમાંથી નીચે આણ્યો. તે આવીને એવેન્ટાઈન ટેકરી ઉપર ઉતર્યો. તે આવ્યો એટલે તરત આખી ટેકરી ધ્રુજવા લાગી. પછી ન્યુમાએ બીહીતો બીહીતો પાસે આવીને તે મોટા દેવની સ્તુતી કરી કે, મારા રાજ્યનું રક્ષણ કર. જુપીટરે તેની અરજ સાંભળી, અને રોમન લોકોએ જે દુઃખ ખમ્યાં હતાં તે નિવારણ કરવાને અને તેની સાબીતી દા-

Stanza	Line	NOTES
X	8	ખલ બીજે દહાડે સવારમાં એક પ્રત્યક્ષ નીશાની આપવાને વચન આપ્યું. એટલું કહીને તે પાછો સ્વર્ગમાં ગયો. પણ બીજે દહાડે પ્રાતઃકાળે સર્વ રોમન લોકો પોતાના રાજાના મંદીર આગળ એકઠા મળ્યા, અને રાજાએ બહાર આવીને સૂર્ય ઉદય થતો હતો તે તરફ જોવાને સૌને આજ્ઞા કરી. જેવું સૂર્યનું બિંબ ક્ષિતિજની બહાર દેખાયું તેવોજ તેમણે એક ચમત્કાર દીઠો. વાદળાં રહિત આકાશમાં તેમણે ત્રણ મોટા કડાકા સાંભળ્યા. ત્યારપછી સ્વચ્છ આકાશમાંથી એક હલકી સોનાની ઢાલ પવનની નરમ લેહેર ઉપર ધીમે ધીમે પૃથ્વી તરફ ઉતરતી તેમની નજરે પડી. ત્યારે લોકોએ એક મોટો પોકાર કર્યો, અને ન્યુમાએ દેવને ભોગ આપ્યો-પછી તેઓએ તે ઢાલને લીધી, અને તેને યુદ્ધના દેવ માર્સના મંદીરમાં મુકી. તેને કોઈ ચોરી ન જાય માટે ન્યુમાએ તેવીજ અને તેજ આકારની બીજી અગીઆર ઢાલો કરાવી. એ ઢાલો અરસ્પરસ એટલી બધી મળતી આવતી હતી કે કોઈ પણ માણસ દિવ્ય અને હસ્તકૃત ઢાલને એક બીજામાંથી ઓળખી શકે નહીં. આ ઢાલોની હંમેશાં સંભાળ લેવાને, દરેકને વાસ્તે એક, એવા બાર સેલીઐ નામના ધર્મોપદેશકો તેણે નિમ્યા.
		લાર્સ પોર્સીના જે રોમન સોનાની ઢાલોવડે પોતાની દેવીનું મંદીર સણગારવાનો હતો તે ઉપર કહેલી ઢાલો હતી.

Stanza	Line	NOTES	
XI	3,4	**The foot, The horse**	*the foot*=*footmen* પાયદળ; *the horse* =*horsemen* ઘોડેસ્વાર. એવે ઠેકાણે એ શબ્દો સમૂહ વાચક નામ (*nouns of multitude*) ગણાય છે. જુઓ *Grammar* 125.
	5	**the gates of Sutrium**	સૂટ્રીઅમ ઈટ્રૂરીઆની દક્ષિણે એક ગામ હતું. તે ક્લુસીઅમથી રોમ જવાના રસ્તા ઉપર હતું.
XII	3	**many a banished Roman**	અહીંઆં ક્રિયાપદ *was ranged* સમજવું. "*Many a*" વાસ્તે III. 3 ની ટીકા જુઓ.
	6	**To join**	1. 9 ની ટીકા જુઓ.
	7	**The Tusculan Mamilius**	એ વાક્યનો કર્તા છે. મેમીલીઅસ લેશ્યમ પ્રાંતમાં ટસ્ક્યુલમ શેહેરનો રાજા હતો, તે ટાર્કવીનની દીકરી વેરે પરણ્યો હતો. તેથી ઈટ્રસ્કન લોકોની મદદે પોતાનું લશ્કર લઈને આવ્યો હતો.
	8	**Prince of the Latian name**	જુઓ *Grammar* 135. લેશ્યમના ૩૦ શેહેરોએ, ઈટ્રૂરીઆના ૧૨ શેહેરોની પેઠે, પરસ્પર સહાયતા કરવાને જે સંપ બાંધ્યો હતો તે લેશ્યન નામથી (*Latin name*) પ્રખ્યાત હતો. રોમ, પેહેલાં, એ સંપમાં હતું, અને સર્વ શેહેરોથી શ્રેષ્ઠ ગણાતું હતું. પણ ટાર્કવીન દેશનિકાલ થયો ત્યારપછી બીજાં શેહેરો રોમથી જુદાં પડ્યાં, અને ટસ્ક્યુલમના રાજા મેમીલીઅસને પોતાનો ઉપરી ઠરાવ્યો.
XIII	1	**yellow Tiber**	નદીના ડોહોળાં પાણીને લીધે તેનો રંગ પીળાસ પડતો કહેવાયછે. એ વિશે-

Stanza	Line		NOTES
XIII	1		પણ રોમન કવિઓ ટાઈબર નદીને ઘણી વાર લગાડે છે.
	2	**Was tumult and affright**	જુઓ *Grammar* 123. આ વાક્યમાં *was* જે ક્રિયાપદ એક વચનમાં છે તેને બે કર્તા છે એમ માલમ પડશે. પણ વાક્યમાં આવેલાં ક્રિયાપદનો કર્તા *tumult* છે, અને *affright* બીજું ક્રિયાપદ *was* જે વાક્યમાં બતાવેલું નથી તેનો કર્તા છે; માટે ખરેખરૂં જોતાં બે જુદાં વાક્યો છે, અને તેઓ *and* ઉભયાન્વયી અવ્યય (*conjunction*) થી જોડાયલાં છે.
	3	**all the spacious champaign**	*all* ને વાસ્તે જુઓ *Grammar* 70. *Definite Article* ની પેહેલાં *all* વપરાયું છે તે ધ્યાનમાં રાખવું જોઈએ. જુઓ XVII. 6. XXIV. 2. XXV. 4. XXIX. 2. XXXVI. 4.
		the spacious champaign	આ વિશાળ મેદાન રોમના ઈશાન ખુણામાં પૂર્વ અને દક્ષિણ તરફ પથરાયલું છે. હજુ પણ તેને ઈટાલીઅન ભાષામાં *Campagna di Roma* (રોમનું મેદાન) કહે છે.
	5	**A mile**	એ *objective case* માં છે. એટલે, એક મૈલ જેટલું દૂર. અહીંઆં નામ *objective case* માં શબ્દયોગી અવ્યય (*preposition*) વગર ક્રિયા વિશેષણના અર્થમાં (*adverbially*) વપરાયું છે. જુઓ 1,8.
	7	**A fearful sight it was to see**	**આ વાક્યની રચના વ્યાકરણ પ્રમાણે** ***"It, to see (the throng), was a fearful***

Stanza	Line	NOTES	
XIII	7		*sight"* છે. *To see* ક્રિયાપદનું *infinitive mood* અહીંઆં નામના અર્થમાં વપરાયું છે, અને તે વિભક્તિમાં *it* સાથે મળતું *(in apposition)* આવેછે. જુઓ *Grammar* 127, 135.
	8	**long**	આતુરતા અને અધીરાઈ ભરેલા.
XIV	1	**For aged folks &c.**	XIV. અને XV. નું એક લાંબું વાક્ય થાયછે. *Choked* ક્રિયાપદના કર્તા નીચેનાં બધાં વાક્યો છે. *"aged folks," "women," "mothers," "sick men," "troops," "droves," "endless flocks," "endless herds," "endless trains."*
XV	3 4	**flocks of sheep** **herds of kine**	*"a flock of sheep;" "a herd of cattle"* એ શબ્દોપર ધ્યાન આપવું જોઈએ ઈંગ્રેજીમાં, *a herd of sheep* અથવા *a flock of cows* કદી વપરાતું નથી.
	7	**corn-sacks**	જુઓ *Grammar* 133.
	8	**roaring**	દરવાજામાં થઈને જે જે વસ્તુઓ જતી હતી તે સર્વના અવાજથી દરવાજો ગાજી રહ્યો હતો.
XVI	2	**wan**	તેઓ ચિંતાતુર અને ઊજાગરાવાળા હતા તેથી તેઓના ચેહેરા ફીકા દેખાતા હતા.
		burghers	રોમના કુલીન લોકો *(patricians)*, જે નગરના રેહેવાસીનો સર્વ અધિકાર ભોગવતા હતા. જુઓ XXX. 2 અને XXX. 3 ની ટીકા.
	5,6	**The fathers of the city—They**	જુઓ 1,2 ની ટીકા. *Fathers* એટલે રોમમાં રાજ્ય ચલાવનારી સભાના સભાસ-

Stanza	Line	NOTES	
XVI	5,6		દો. તે સભાસદોને કુલીન લોક (*patricians*) માંથી પસંદ કરતા હતા.
	6	**all night and day**	*Objective case (governed by preposition understood.* ક્રિયાવિશેષણને અર્થે વપરાયું છે, અને વખતનું પરિમાણ દેખાડે છે. તે પ્રમાણે બીજી લીટીમાં *Every hour* અમુક વખત દેખાડવાને વપરાયું છે.
	7	**Some horseman**	*Some* સંખ્યા વાચક વિશેષણનો અર્થ *a* (*indefinite article*) કરતાં વધારે અનિશ્ચિત છે. અહીંઆં, તે એક ઘોડેસ્વાર દેખાડે છે, પણ તે કોઈ અમુક જાતનો અને અમુક દેશનો છે એમ દર્શાવતું નથી.
XVII	3	**Nor—nor—nor**	ગદ્યમાં પેહેલા *nor* ને ઠેકાણે, *neither* વપરાય છે. કવિતામાં પણ ઘણું કરીને એજ રીત છે. જુઓ XXXI. 6.
	4	**Crustumerium**	સેબાઈન લોકોના, મુલકમાં અને એલીઆ નામની ટાઈબર નદીની એક શાખાના મૂળ આગળ એક શેહેર છે.
	5	**Verbenna**	એક ટસ્કન સરદાર, અને પેરૂસીઆનો રાજા. જુઓ XXIII. 10.
		down to Ostia	દક્ષિણ તરફ આસ્ટીઆ સુધી.
		Ostia	ટાઈબર નદીના મુખ આગળ એક બંદર, જે રોમથી ઈશાન ખુણામાં ૧૬ મૈલને અંતરે છે.
	6	**all the plain**	જુઓ XIII. 3 ની ટીકા.
	7	**Janiculum**	જેનીક્યુલસ ટેકરી ઉપર કિલ્લો, જે સબ્લીશ્યન પૂલનું રક્ષણ કરવાને બાંધ્યો હતો.

Stanza	Line	NOTES	
VXIII	1	**I wis**	*I imagine, I suppose*: હું ધારૂંછું. એ ક્રિયાપદના વર્ત્તમાન કાળનું રૂપ ઘણું વપરાતું નથી, પણ ભૂતકાળ *wist* સાધારણ છે.
	2 3	**no heart so bold** **but sore it ached**	વિરૂદ્ધતા સૂચક ઉભયાન્વયી અવ્યય (*disjunctive conjunction*) *but* આગલા વાક્યના અર્થનો થોડો અથવા બધો નિષેધ કરેછે. આગલું વાક્ય *was no heart* નિષેધ અર્થમાં છે, તેનો હવે નકાર અર્થ જતો રહેછે, અને *every heart* ની બરોબર થાયછે. *was no heart but ached = every heart ached* : કોઈ અંતઃકરણ એવું ન હતું જે દુઃખ પામ્યું નહીં = દરેક અંતઃકરણ દુઃખ પામ્યું. જુઓ xxv. 5.
	3	**sore: fast**	જુઓ II. 2 ની ટીકા.
	5	**the Consul**	ટાર્કવીન દેશનિકાલ થયો ત્યારપછી રાજાની સત્તા લોકોએ બે કાનસલોના હાથમાં સોંપી. એ અમલદારોને, પ્રથમ ફક્ત કુલીન લોક (*patricians*) માંથી નીમતા, અને બંનેને જોડે એક વરસસુધી પસંદ કરતા, અને તેઓ સત્તામાં હરકત ન પડે માટે વારાફરતી એક એક મહીના સુધી મુખ્ય અમલ ચલાવતા. અહીંઆં જે કાનસલનું વર્ણન આવેછે તેનું નામ પબ્લીઅસ વેલીરીઅસ હતું. તેણે ટાર્કવીનને દેશનિકાલ કરવાને લોકોને ઘણા ઉશ્કેર્યા હતા. જુઓ xxiv. 8 ની ટીકા.
	6	**the Fathers all**	*All the Fathers. All* લીટીને છેડે આવ્યું છે તેથી તે વધારે અસરકારક

Stanza	Line		NOTES
XVIII	6		થાયછે. *Not one senator sat still;* એક પણ સભાસદ શાંત બેઠો નહીં.
	7	their gowns	એટલે, રોમન લોકોના લાંબા, નીચા, અને ઢીલા જભા, જે સેહેલથી ચલાય માટે રાજ્ય ચલાવનારી સભાના સભાસદો કેડે વીટાળતા હતા. એ જભાને તેઓ *toga* કહેતા હતા.
	8	hied them	*To hie* એ ક્રિયાપદ ઘણુંકરીને અકર્મક છે, પણ જ્યારે કર્તા કંઈ ક્રિયા પોતાના ઉપર લાગુ પાડેછે ત્યારે તે દેખાડવાને એ ક્રિયાપદ સ્વાર્થ સર્વનામ (*reflexive pronoun*) ની સાથે સકર્મકની પેઠે પણ વપરાય છે. જુઓ *Grammar* 57.
XX	1	flying	એ કવિતા પ્રમાણે વપરાચું છે, અને કોઈ પણ તરેહની ઝડપવાળી ચાલ દેખાડેછે. જુઓ xxxvi. 8.
	2	all	*Altogether,* બીલકુલ. એનું વ્યાકરણ ક્રિયાવિશેષણ અવ્યય (*adverb*) છે.
	3	To arms	હથીઆરબંધ થાઓ. અહીંઆં ક્રિયાપદ સમજવું જોઈએ. (*Go*) *to arms.* (*Fly*) *to arms.*
		Sir Consul	*Sir* નો બરોબર અર્થ, *elder* વડો મુરબ્બી છે. તે અહીંઆં વધારે માન આપવાને વપરાચું છે: જેમ, રાજા, સાહેબ, રાણાજી.
XX	8	Rise fast	જુઓ *Grammar* 146. "*Fast,*" જુઓ ii. 2 ની ટીકા.
XXI	1	And nearer fast	એ બંનેનું વ્યાકરણ ક્રિયાવિશેષણ અવ્યય (*adverb*) છે, અને તેઓ "*doth come*" ક્રિયાપદનો ગુણ બતાવેછે.

Stanza	Line	NOTES	
XXI	2	**Doth come**	*3rd person singular, present indicative (emphatic form).* જુઓ *Grammar* 78.
		the red whirlwind	જુઓ XVI. 4. લાર્સ પોર્સીનાનું લશ્કર એક ભારે તોફાનની પેઠે મેદાનો ઉપર થઈને ચાલ્યું જાયછે, અને તેના રસ્તામાં જે જે વસ્તુઓ આવેછે તેઓને બાળી નાંખેછે અને જમીનદોસ્ત કરેછે. પરોઢ ફાટવાની તૈયારી છે, તોપણ હજુ થોડી થોડી રાત્ર છે. જુઓ XXI. 7.
	4	**that rolling cloud**	જુઓ XX. 7.
	5	**Is heard**	જુઓ XIII. 2 ની ટીકા.
	9	**Far to left, far to right**	*Adverbial phrases of place.* સ્થળ દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યયનાં વાક્યો
	10	**In broken gleams of dark-blue light**	*Adverbial phrase of manner.* રીત દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યયનું વાક્ય.
XXII	3	**the banners of twelve fair cities**	ઈટ્રુસ્કન લોકોએ જે સંપ બાંધ્યો હતો તેમાં બાર મોટાં શેહેરો હતાં, અને તેઓમાં આ વખતે કલુસીઅમ મુખ્ય હતું. તેઓનાં નામ નીચે પ્રમાણે હતાં એમ લાગે છે: કારટોના, એરેશ્યમ, કલુસીઅમ, પેરૂસીઆ, વાલેટેરી, વેટ્યુલોનીઆ, રૂસેલી, વોલસીનીઆઈ, ટાર્કવીનીઆઈ, વેલીરીઆઈ, વીઆઈ, અને સીરી. (નકશો જુઓ.)
	4	**shine**	જુઓ *Grammar* 146.
	7,8	**The terror of the Umbrian, the terror of the Gaul**	એ નામ વિભક્તિમાં *banner* સાથે *(in apposition)* મળતું આવે છે. જુઓ *Grammar* 135.

Stanza	Line	NOTES	
XXII	7,8	**The Umbrian, the Gaul**	જુઓ II. 5 ની ટીકા. અંબ્રીઅન લોકો ઈટ્રૂરીઆની પૂર્વ તરફના દેશમાં રહેતા હતા. તે દેશ અને ઈટ્રૂરીઆની વચ્ચે ટાઈબર નદી વેહેતી હતી. ગાલ લોકો બે દેશોમાં વસેલા હતા : પેહેલો, "ગેલીઆ પ્રાપર" *Gallia Proper,* તેમાં જે દેશને હાલ ફ્રાન્સ કહેછે તે બધો હતો, અને બીજો "ગેલીઆ સીસેલપાઈનાં" *Gallia Cisalpina,* તે ઈટાલીની ઉત્તરમાં હતો, અને તેનું વર્ણન આ વાકયમાં આવેછે. એ ગાલ લોકો જંગલી અવસ્થામાં હતા. તેઓ ક્રૂર હતા અને લૂટફાટ કરવાને ઈટાલીની પાસેના મુલકમાં વારંવાર હુમલા કરતા.
XXIII	2	**burghers**	કુલીન રોમન લોકો *patricians.* જુઓ XXX. 2 ની ટીકા.
	4	**Lucumo**	ઈટ્રૂસ્કન અમીરોનો કીતાબ, તેઓ રાજાનું તેમજ ધર્મોપદેશકનું કામ ચલાવતા. જુઆ *noble Lucumo,* XLVII. 7.
	7	**of the fourfold shield**	છઠ્ઠી વિભક્તિ (*possessive case*) નો પ્રત્યય *of,* ઘણીવાર, અહીંઆ આવ્યો છે તેમ, ગુણ અથવા શક્તિ દેખાડવાને વપરાય છે.
		Astur, Tolumnius, Verbenna	આ દરેક કર્ત્તાનું ક્રિયાપદ *was seen* સમજવું.
	10	**dark Verbenna**	*dark, i. e. dark-skinned,* કાળી ચામડીના. *Verbenna* ને વાસ્તે જુઓ VII. 5.

Stanza	Line	NOTES	
XXIII	10	**from the hold by reedy Thrasymene**	એટલે પેરૂસીઆ. એ શેહેરને એક ટેકરી ઉપર બાંધ્યું હતું, અને તેનો એક મજબૂત કિલ્લો મજબૂત જગામાં હતો.
XXIV	5	**Mamilius**	જુઓ XII. 7 ની ટીકા.
	7	**False Sextus**	સેક્સટસ, અહંકારી ટાર્કવીનનો પુત્ર, ઘણો દગલબાજ હતો. જ્યારે ટાર્કવીન લેટીન લોકોના શેહેર ગેબીઆઈની સામા લડાઈ ચલાવતો હતો, અને તે શેહેર ઉપર જાહેરાત રીતે હુમલો કરીને તેને તાબે કરી શક્યો નહીં, ત્યારે તેણે કાવત્રાંથી પોતાની મતલબ પાર પાડવાનો નિશ્ચય કર્યો. તેણે એવું કાવત્રું રચ્યું, કે સેક્સટસે પોતાના બાપ પાસેથી નાસી આવ્યો છે એવો ઢોંગ કરીને અને તેની સાબીતીને વાસ્તે પોતાના શરીર ઉપર કેટલાક જખમ કરીને ગેબીઆઈ શેહેરના દરવાજા આગળ આશ્રય શોધવા જવું. આ વેશ તેણે એવી હુંશીઆરીથી ભજવ્યો કે ગેબીઅન લોકો તેનાથી પુરા ઠગાયા. તેણે જે કહ્યું તે બધું ખરૂં માન્યું, અને થોડા વખતમાં તેને સરદાર બનાવ્યો. પછી સેક્સટસે પોતાના બાપને કાસદ મોકલીને પુછાવ્યું કે ગેબીઆઈ શેહેર રોમન લોકોના તાબામાં શીરીતે આપવું? જ્યારે કાસદ આ ખબર લઈને આવ્યો ત્યારે ટાર્કવીન બાગમાં ફરતો હતો, અને ખબર લાવનારને કંઈ પણ ઉત્તર ન આપતાં તેણે ફરતાં ફરતાં પોતાની લાકડી વડે સૌથી ઉંચાં ફુલોનાં માથાં કાપી નાખ્યાં. સેક્સટસને એટલો જવાબ બસ હતો. તેણે, કાસદ પાછો

Stanza	Line	NOTES	
XXIV	7		આવ્યો એટલે, તરત ગેબીઆઈના અમીરોમાંથી કેટલાકને મારી નાખ્યા, અને બાકીનાને દેશનિકાલ કર્યા; અને ત્યારપછી કંઈપણ અડચણ વગર તે શેહેર ટાર્કવીનના હાથમાં મુક્યું. આ હકીકત ઉપરથી તેને જુઠાનો કીતાબ ખરેખરો યોગ્ય હતો.
	8	That wrought the deed of shame	સેક્સટસના ભુંડાં કામોમાં આ કામ સૌથી શ્રેષ્ઠ હતું, તેથી સર્વ લોકો તેના નામને ધિક્કારવા લાગ્યા, અને એજ કામને લીધે આખું ટાર્કવીનનું કુટુંબ દેશનિકાલ થયું. એ હકીકત નીચે પ્રમાણે છે: સેક્સટસનો પીત્રાઈ ભાઈ કોલેટાઈનસ લુક્રીશીઆ નામની એક કુળવાન સ્ત્રીને પરણ્યો હતો, જેનું સ્વરૂપ અને સદ્‌ગુણ સરખાં શોભીતાં હતાં. સેક્સટસના મનમાં પાપી કામ કરવાનો ભારે જુસ્સો થઈ આવ્યો તેથી તે એ કુલવાન સ્ત્રીને ઘેર, જ્યારે તેનો પતિ બહાર ગયો હતો ત્યારે, મળવા ગયો, અને મધ્ય રાત્રીને વખતે તેની ગેરઆબરૂ કરી. બીચારી લુક્રીશીઆએ ભારે પસ્તાવામાં પોતાના ધણીને અને બાપને તરત તેડવા મોકલ્યા. તેઓ આવ્યા, અને તેઓની સાથે ટાર્કવીનીઅસ પ્રીસ્કસની બેનનો દીકરો લુશ્યસ બ્રુટસ અને પબ્લીઅસ વેલીરીઅસ, એક રોમન અમીર, આવ્યા. લુક્રીશીઆએ તેમને બધી બીના કહી સંભળાવી, અને આ તેના અપમાનનું વેર લેવાનું તેઓને કહીને પોતાની છાતીમાં એક છરી મારીને મરણ

Stanza	Line		NOTES
XXIV	8		પામી. ત્યારે તેઓએ તેનું વેર લેવાને પ્રતિજ્ઞા લીધી. તેઓ તેનું મુડદું રોમના જાહેર ચોકમાં લઈ ગયા; અને બ્રુટસે સઘળા રોમન લોકને એકઠા મેળવીને તેઓને સેક્સટસના બદકર્મની વાત કહી, અને તેટલા માટે તેને અને તેના દુર્ગુણી કુટુંબને રોમથી હમેશાંને વાસ્તે દૂર કરવાને સલાહ આપી. આ વાત સાંભળીને સઘળા લોકો ઘણા ક્રોધાયમાન થયા અને એકદમ અહંકારી ટાર્કવીનને પદભ્રષ્ટ કરવાનો અને તેને અને તેના ક્રૂર સ્ત્રી (જુઓ *13* ની ટીકા) અને છોકરાંને રોમમાંથી કાઢી મુકવાનો હુકમ કર્યો (ઈ૦ પૂ.૧૫૧૦).
XXV	1	**But**	*Disjunctive conjunction,* જુઓ *Grammar* 105. કેમકે, અત્યારસુધી રોમન લોકોએ આવતા લશ્કરને અંદેશાથી કંઈ અવાજ કર્યા શિવાય જોયું હતું. હવે, એથી ઉલટા, સેક્સટસને જોઈને તેઓ તેના ઉપર ક્રોધ અને તિરસ્કાર મોટી બુમો પાડીને દેખાડે છે.
	3	**that rent the firmament**	તે બુમ એટલી તો મોટી હતી કે તેથી આકાશ પણ ફાટ્યું.
	4	**all the town**	જુઓ XIII. 3 ની ટીકા.
	5	**house-tops**	જુઓ *Grammar* 133.
	5,6	**was no woman but**	જુઓ XVIII. 2 ની ટીકા.
	7	**No child but**	
	8	**its**	*Neuter.* નાન્યતરજાતિ (*neuter*)નું રૂપ આ પ્રમાણે ઘણીવાર કોઈ પૂરૂષ વિશે જ્યારે ફકત હયાતી જાતિના ભેદ વગર દેખાડવી હોય ત્યારે વપરાય છે.

Stanza	Line	NOTES	
XXVI	3	**darkly**	અપશકુનથી, અંદેશાથી, શક ભરેલી રીતે.
	8	**What hope to save the town**	*What hope (is there) to save the town?* *Hope to save* ને વાસ્તે જુઓ *Grammar* 150.
XXVII	1	**out spake**	એટલે બોલી ઉઠયો.
	2	**Captain of the Gate**	તે નદીના દરવાજાની ચોકી કરનારા સિપાઈઓનો ઉપરી હતો. તે દરવાજો (XIX. 2 and LXIV. 7) સબ્લીશ્યન પૂલને મોઢે હતો.
	7	**For the ashes**	*"for" = "to defend," "in defence of;" "to defend the tombs of his ancestors"* એટલે, પોતાના વડવાઓની કબરોનું રક્ષણ કરવાને. હોરેશ્યસના વખતમાં રોમન લોકોમાં મુડદાંને દાટવાનો ધારો સાધારણ હતો. પણ પછી રોમન બાદશાહોના વખતમાં મુડદાંને હિંદુ લોકોની પેઠે બાળતા હતા. પોતાના વડવાઓને માન આપવાનો અને તેઓને વાસ્તે મગરૂબ રહેવાનો હરેક રોમનના મનમાં ભારે જુસ્સો હતો.
XXVIII	5	**for the holy maidens**	વેસ્ટા દેવીની સેવા કરનારી છ કુમારીકાઓ. તેઓનું કામ વેસ્ટા દેવીની વેદીમાં જે અમર અગ્ની બળતો હતો તેની સંભાળ લેવાનું હતું; અને જો એ અગ્ની ઓલવાય તો રોમની પડતી દશા આવે એમ લોકો માનતા હતા. તેઓને પરણવાની મના હતી, અને તેઓને લોકો સૌથી વધારે પવિત્ર ગણતા હતા, કેમકે તેઓનું ધર્મની ઘણીજ ઉંચી અને પવિત્ર ક્રિયા કરવાને કામ પડતું હતું.
	6	**Who feed the eternal flame**	

Stanza	Line	NOTES	
XXVIII	7	**false Sextus**	જુઓ xxiv. 7 ની ટીકા.
XXIX	1	**Sir Consul**	જુઓ xx. 3 ની ટીકા.
	2	**all the speed**	જુઓ xiii. 3 ની ટીકા.
		ye may	*with which ye may :* ઉપવાક્યને મુખ્ય વાક્ય સાથે જોડનારૂં સંબંધી સર્વનામ, ઘણીવાર બને છે તેમ, અહીંઆં મુકી દીધું છે.
	3	**to help**	*Infinitive of purpose.* જુઓ *Grammar* 147.
	4	**in play**	*amused, engaged :* રમતે લાગેલા, કામે લાગેલા.
	5	**a thousand**	જુઓ *Grammar* 71.
	7	**either**	જુઓ *Grammar* 70.
XXX	2	**a Ramnian proud**	*Proud* કેમકે તે રેમ્નીસની જાતમાંનો એક હતો જે નામ રોમના પેહેલા રાજા અને સ્થાપનાર રામ્યુલસની સાથેના રોમન લોકોને લગાડવામાં આવતું હતું. જુના રોમના કુલીન લોક (*patricians*) ના ત્રણ વર્ગ હતા જેમાં ત્રણ જુદી જાતના લોક હતા: (૧) રેમ્નીસ (*Ramnes*) રામ્યુલસની સાથેના જુના રોમન લોકો, (૨) ટીશીઈસ (*Tities*) ક્યુરીસ શેહેરના સેબાઈન લોકો જે પાછળથી તેઓના સરદાર ટાઈટસ ટેશ્યસ સાથે રોમન લોકોને જોડાઈ ગયા; (૩) લ્યુસરીસ (*Luceres*) જે ઈટ્રસ્કન જાતના હતા. આ ત્રણમાંની એક એક જાતમાં પૂલના ત્રણ રક્ષણ

Stanza	Line	NOTES	
XXX	2		કરનારા હતા: લારશ્યસ રેમ્નીસમાં, હરમીનીઅસ ટીશીઈસમાં, અને હોરેશ્યસ લ્યુસરીસમાં હતો.
	6	of Titian blood	ઉપલી ટીકા જુઓ.
	1	quoth	*Defective verb* આ ક્રિયાપદ વર્તમાન કાળના પેહેલા અને ત્રીજા પુરૂષમાં માત્ર વપરાય છે.
XXXI	5	For Romans &c.	XXXI. 5 થી XXXIII. 8 સુધીની વીશ લીટીઓની બાબત આ વારતાથી જુદી છે પણ તેમાં રોમન વાત કહેનાર પોતાના વિચાર જણાવે છે. તે હોરેશ્યસના જુના અને સારા કાળને પોતાના વખતના લોકોના નબળા સ્વભાવ જોડે સરખાવે છે અને શોક કરે છે.
XXXII	1	Then	*In those brave old days :* તે જુના અને સારા કાળમાં. આ શબ્દ ઉપર ઘણો ભાર મુકાયો છે અને તે નીચેના શ્લોકની પેહેલી લીટિમાં "*now*" (= *in these degenerate times* હાલના નબળા વખતમાં) જે એના જેટલી અસરથી વપરાયો છે તેની સાથે વિરૂદ્ધતા દેખાડે છે.
		none	*no one* કોઈ નહીં. જુઓ *Grammar* 70 (*note*).
	3	the great man—the poor	જ્યારે રોમની સત્તા સંપૂર્ણ રીતે બેઠી એટલે એની વસ્તિના સ્વભાવીકરીતે બે વર્ગ થયા : (૧.) કુલીન લોકો (*patricians*) જે નગરના રેહેવાસીના સઘળા હક ભોગવતા હતા.

Stanza	Line		NOTES
XXXII	3		(૨.) સામાન્ય લોકો (*plebeians*) જેને રોમન લોકોએ પાસેના જીતેલા શેહેરોમાંથી લાવીને પોતાની સાથે મેળવી દીધા હતા પણ તેઓને કંઈ પણ તરેહનો રહેવાસીનો હક ન હતો.
			કુલીન લોકો (*patricians*) રાજ્યના અમીર અને સત્તા ચલાવનારની પદવી ભોગવતા હતા, પણ સામાન્ય લોકોને તેઓના આશ્રીતની પેઠે તેઓનો હુકમ માનવો પડતો હતો અને તેઓને વાસ્તે ચાકરની પેઠે કામ કરવું પડતું હતું.
			The great man = the patrician કુલીન માણસ. *The poor man = the plebeian* સામાન્ય માણસ.
	5	lands were fairly portioned	*Lands* એટલે નવી જીતેલી જમીન જે આખા રોમન રાજ્યની મીલકત હતી. વાત કહેનાર જે જાતે કુલીન ન હતો તે ફરિયાદ કરેછે કે એ જમીન જે સામાન્ય લોકની બહાદુરીથી જીતાઈ હતી તેનો ઘણો ભાગ કુલીન લોકોએ ગેરવાજબી રીતે પોતાને વાસ્તે લીધો હતો.
	6	spoils were fairly sold	આ વાકયમાં રોમન સરદારો લડાઈમાં મળેલી લુટ વેંહેંચી દેવાને અથવા બધા સિપાઈઓને બરોબર રીતે વેંહેંચી આપવાને બદલે પોતે પોતાને વાસ્તે લઈ લેતા હતા તે ધારાનું વર્ણન છે.
	7	like	જુઓ III. 7 ની ટીકા.
XXXIII	1	Now	જુઓ XXXII. 1 ની ટીકા.

Stanza	Line	NOTES	
XXXIII	1	**Roman is to Roman &c.**	ટાર્કવીનના કુટુંબને દેશનિકાલ કર્યા પછી કુલીન અને સામાન્ય લોકો (જુઓ XXXII. 3 ની ટીકા) વચ્ચે માંહોમાંહે જે લડાઈ ચાલી તે વિશે આ વાક્યમાં છે. આખરે, સામાન્ય લોકોની તરફથી રાજ્યકાજમાં બોલવાને અને તેઓના હકનું રક્ષણ કરવાને "ટ્રાઈબ્યુન" (*Tribunes*) નામના અમલદારો નિમાયા તેથી થોડા વખત સુધી બંને વર્ગનું સમાધાન થયું. વાત કહેનાર કહેછે કે હજુ એબંને લોકોનો કજીઓ પૂરો મટ્યો નથી. રોમનોની પરસ્પર દુશ્મની તેઓની પરરાજ્યના શત્રુ સાથે દુશ્મની કરતાં વધારે ઝેરી છે.
	3	**the Tribunes**	જુઓ ઉપલી ટીકા.
		the high	=*the patricians*, કુલીન લોકો: જેમ બીજી લીટીમાં "*the low*"=*the plebeians*, સામાન્ય લોકો. જુઓ XXXIV. 5.
	4	**the Fathers**	જુઓ XVI. 5 ની ટીકા. રાજ્ય ચલાવનારી સભાના સભાસદો સઘળા કુલીન જાત (*patricians*) ના હતા.
XXXIV	3	**foremost to take**	જુઓ *Grammar* 150.
	5	**Fathers mixed with Commons**	રાજ્ય ચલાવનારી સભાના સભાસદો જાતિભેદ ભૂલી જઈને પોતાના શેહેરનું સંરક્ષણ કરવાની મેહેનતમાં સામાન્ય લોકો સાથે મળી ગયા.
XXXV	2	**glorious to behold**	જુઓ *Grammar* 150.

Stanza	Line	NOTES	
XXXV	4	rank behind rank	*Adverbially.* લશ્કરની ટુકડી પછી ટુકડી.
XXXVI	4	all the vanguard	જુઓ XIII. 3 ની ટીકા.
	8	flew	કવિતાની રીતે કોઈપણ તરેહની ઝડપવાળી ચાલ અથવા દોડને વાસ્તે વપરાય છે. જુઓ XX. I.
	9	to win	જુઓ *Grammar* 147.
XXXVII	1	Aunus: Seius (line 3) Picus (line 5)	એ સર્વ કર્તાની વિભક્તિ "*three chiefs*" (XXXVI. 5) સાથે (*in apposition*) મળતી આવેછે. જુઓ *Grammar* 135.
		Tifernum	ટાઈબર નદીના મૂળ આગળ એ નદીની અંબ્રીઆ તરફની બાજુએ એક શેહેર.
	4	Sicken	કેમકે, તેઓને જમીનની અંદર ખરાબ હવામાં કામ કરવું પડતું હતું.
		Ilva	ઈલ્વાનો ટાપુ જેને હાલ એલ્બા કહેછે અને જે પાપ્યુલોનીઆની સામો છે તે તેની લોઢાંની ખાણોને વાસ્તે પ્રખ્યાત હતો.
	5	long	*For a long time. Adverb.*
	8	that grey crag	એક ઉંચી ખડક જે નાર નદીની દક્ષિણે છે અને જેના ઉપર નેકવાઈનીઅમ નામનો કિલ્લો છે.
	9	Nequinum	નાર્નિઆ શેહેરનું જુનું નામ.
		lowers	જેમ તોફાન ભરેલાં વાદળાં ચઢી આવે છે તેની પેઠે તે કિલ્લો ભયંકર અને ઘુરકતો દેખાયછે. જુઓ "*scowls*" IV. 2 ની ટીકા.
	10	the pale waves	એક રોમન કવિ નાર નદીના પાણીને જરા સફેદ અને ગંધકવાળાં કહેછે.

Stanza	Line	NOTES	
XXXVII	10	**Nar**	મધ્ય ઈટાલીમાં એક નદી, જે અંબ્રીઆ અને સેબાઈન લોકોના દેશની વચ્ચે વહેતી જઈને ટાઈબર નદીને મળેછે.
XXXVIII	4	**clove him to the teeth**	એટલે, તેના મસ્તકને તાળવાથી દાંત સુધી છેદયું.
	7	**arms**	લડવાનાં તેમજ રક્ષણ કરવાનાં હથીઆર. તેથી તલવાર તેમજ બખ્તર, ઈત્યાદી.
XXXIX	1	**Falerii**	ઈટ્રૂરીઆના જે બાર શેહેરોએ સંપ બાંધ્યો હતો તેઓમાંનું એક (જુઓ XXII. 4 ની ટીકા). તે ઘણું જુનું શેહેર હતું, અને સોરેક્ટી પહાડની પાસે એક ટેકરી ઉપર હતું.
	3	**Urgo**	એક ટાપુ જે ઈટ્રૂરીઆના કિનારા આગળ અને ઈલ્વા ટાપુ (જુઓ XXXVII. 4) ની ઉત્તરે છે.
	5	**Volsinium**	એ શેહેર એક ઉંચી જગા ઉપર એજ નામના સરોવર (VI. 8) ના ઈશાન ખુણામાં હતું. તે ઈટ્રસ્કન સંપ (XXII. 4) માં આવેલાં શેહેરમાંનું એક ઘણું શકિતવાન શેહેર હતું.
	6	**the great wild boar**	*The* (*definite article*) કોઈ અમુક ડુક્કર દેખાડેછે, અને નીચેની ચાર લીટીથી તે વિશે સમજણ પડેછે. સાતમી લીટીમાં "*the great wild boar*" શબ્દો વિભકિતમાં છઠી લીટીના એજ શબ્દો સાથે (*in apposition*) મળતા આવેછે.
	8	**Cosa**	ઈટ્રૂરીઆનું એક અસલનું શેહેર અને બંદર.

Stanza	Line	NOTES	
XXXIX	10	**Albinia**	ઈટ્રૂરીઆની એક નદી, જે કોસાથી જરા ઉત્તરે સમુદ્રને મળેછે.
XL	6	**aghast and pale**	*Adjectives to "the crowd"* (*line* 7).
	7	**Ostia**	જુઓ XVII. 5 ની ટીકા.
	9	**Campania**	એ ઈટાલીનો એક ભાગ છે. તે સમુદ્રના કિનારા ઉપર લેશ્યમની દક્ષિણે છે.
		shall fly	જુઓ XX. 1 અને XXXVI. 8 ની ટીકા.
	11	**thrice accursed**	*Very accursed* ઘણું ભુંડું.
XLI	1	**But**	*Disjunctive conjunction* વિરૂદ્ધાર્થ સૂચક ઉભયાન્વયી અવ્યય; તે અહીંઆં ચાલતા કાળની ગયા કાળસાથે વિરૂદ્ધતા દેખાડેછે. (જુઓ XXXVI. 3)
	4	**all the vanguard**	જુઓ XIII. 3 ની ટીકા.
	5	**Six spears' lengths**	*Adverbial phrase. "Lengths" objective case.*
	7	**for a space**	થોડાક વખત સુધી. "*Space*" વખત અને તફાવત બંને દેખાડવાને વપરાયછે અહીંઆં તે વખત દેખાડેછે.
	8	**to win**	જુઓ *Grammar* 147.
XLII	1	**The cry is Astur**	"*The name of Astur is being called out*" અહીંઆં, વર્ત્તમાન કાળ કેવળ પ્રયોગી અવ્યય (*hark*) સાથે આવ્યો છે તેથી અગાડી બનેલો બનાવ બોલનારની કલ્પનામાં પ્રત્યક્ષ દેખાય છે અને તેથી વારતામાં વધારે જુસ્સો મુકાય છે.
	6	**Loud**	*Loudly. Adverb.*

Stanza	Line	NOTES	
XLII	6	**the fourfold shield**	જુઓ xxiii. 7.
	7 8	**the brand which none but he can wield**	(xxiii. 8) *"the brand none else may wield"* પણ એ બંને વાક્યની રચના જુદી તરેહની છે. ત્યાં, વાક્ય સાદું છે, અને *else* વિશેષણ છે જે *none* નો ગુણ દેખાડેછે; પણ, અહીંઆં બે સાદાં વાક્યો છે જે વિરૂદ્ધાર્થ સૂચક ઉભયાન્વયી અવ્યય (*disjunctive conjunction*) *but* થી જોડાયલાં છે. પણ એ બે સાદાં વાક્યોમાં પેહેલું ટુંકામાં વપરાયું છે અને બીજાનું ક્રિયાપદ સમજવું જોઈએ. માટે એનું પૂર્ણરૂપ નીચે પ્રમાણે થશે: *"which none can wield but he can wield."*
XLIII	1	**smiled on**	*Smiled at* વધારે સાધારણ છે. પણ *on* વધારે તિરસ્કાર ભરેલું હસવું બતાવે છે, જ્યારે કોઈ પુરૂષ પોતાનાથી કનીષ્ઠ વસ્તુ તરફ જોઈને હસતો હોયછે.
	2	**a smile**	*Objective case of cognate meaning after the verb "smiled,"* જુઓ *Grammar* 144.
	5	**the she-wolf's litter**	એટલે રોમન લોકો, કેમકે તેઓ રામ્યુલસના કુલના હતા. જેને નાનપણમાં વરૂની માદાએ ધવરાવ્યો હતો એવું ધારવામાં આવતું હતું. એ વિશે વાત આ પ્રમાણે છે. રોમ શેહેર સ્થાપન થયું તે વખત અગાઉ લેશ્યમના એલ્બા લાન્ગા શેહેરમાં એમ્યુલીઅસ નામનો એક ક્રૂર રાજા રાજ્ય કરતો હતો. તેણે પોતાના જેષ્ટભાઈ ન્યુમીટોરને અન્યાયથી પદભ્રષ્ટ કરીને ગાદી સંપાદન કરી હતી, અને ગાદી

Stanza	Line	NOTES
XLIII	5	ઉપર પોતાના હકને કંઈ હરકત પડે નહીં માટે તેણે પોતાના ભાઈના સર્વ વારસોનો નાશ કરવાનો નિશ્ચય કર્યો. એવા વિચારથી તેણે ન્યુમીટોરના એકનાએક દીકરાને મારી નાખ્યો, અને તેની દીકરી રીઆ સિલ્વીઆને વેસ્ટા દેવીની કુંવારીકા કરી જેથી તેને પરણવાની મના હતી (જુઓ XXVIII. 5 ની ટીકા). પણ આ ક્રૂર રાજાનાં કાવત્રાંથી નસીબના લેખ બંધ રહ્યા નહીં. રીઆ સિલ્વીઆ તેના એકાંત વાસમાં બે પુત્રની મા થઈ, અને યુદ્ધનો દેવ માર્સ તેઓનો બાપ હતો એમ લોકો કહેતા હતા. એમ્યુલીઅસે હુકમ કર્યો કે બાળકોને અને તેઓની માને ટાઈબર નદીમાં નાખી દેવાં. મા મરણ પામી, પણ છોકરાઓનું પારણું નદીમાં પૂર આવ્યું હતું તેમાં તર્યાં કર્યું, અને અંતે તે કિનારા ઉપર ઉંધું વળ્યું. અહીંઆં, એક વરૂની માદાએ એ બાળકોને દીઠાં જે તેમને પોતાની ગુફામાં લઈ ગઈ અને ત્યાં ધવરાવીને ઉછેર્યાં. એ પ્રમાણે મેકાલે બીજી કવિતામાં કહેછે કે:

The troubled river knew them,
   And smoothed his yellow foam,
And gently rocked the cradle
   That bore the fate of Rome.

The ravening she-wolf knew them,
   And licked them o'er and o'er,
And gave them of her own fierce milk,
   Rich with raw flesh and gore.

Prophecy of Capys, stanza V.

Stanza	Line		NOTES
XLIII	5		થોડા દહાડા પછી રાજાના ભરવાડ ફોસ્ટ્યુલસે બંને બાળકોને દીઠાં, અને ઘેર લઈ જઈને પોતાની સ્ત્રીને આપ્યાં જેણે તેઓનું પોષણ કર્યું. તેઓએ પોતાની યુવાવસ્થા ભરવાડોની સોબતમાં લૂટફાટ કરવામાં કાઢી. જ્યારે તેઓ મોટા થયા અને પોતાનું કુલ જાણ્યું, ત્યારે એમ્યુલીઅસ જે ગાદીને કંઈ હક વગર બથાવી પડયો હતો તેને મારીનાખ્યો, અને પોતાના દાદા ન્યુમીટોરને પાછો તખ્તનશીન કર્યો.
	6	Stand	*3rd person plural, as predicate to "litter," a noun of multitude.* જુઓ *Grammar* 125.
		at bay	સામા.
	8	if Astur clears	*If* શક અથવા અનિશ્ચિતપણું, કેટલેક દરજ્જે, વધતું અથવા ઓછું બતાવેછે, માટે એના પછી *subjunctive mood* (સંશયાર્થ) આવવો જોઈએ એમ આપણને લાગશે. (*Grammar* 93). પણ જ્યારે સંશય એટલો થોડો હોય કે ભાગ્યેજ જણાય, જ્યારે બોલનાર પોતાના મનમાં કંઈ સંશય નથી એમ દેખાડવાને ઈચ્છતો હોય, ત્યારે એના પછી *indicative mood* (નિશ્ચયાર્થ) આવેછે, જે માત્ર નક્કી વાત દેખાડેછે.
XLIV	2	to the height	*"Aloft," "overhead,"* ઉંચે, માથાં ઉપર.
	6	Right	*Adverb; "properly," "quite,"* બરોબર રીતે, બીલકુલ.

Stanza	Line	NOTES	
XLIV	7	too nigh	એટલે, એટલો બધો પાસે કે તેથી હોરેશ્યસ બચી ગયો નહીં. "*too*" ફક્ત વિશેષતા બતાવતો નથી; પણ હંમેશાં જોઈએ તેના કરતાં વધારેપણું બતાવેછે.
XLV	2	one breathing-space	*Objective case, preposition understood; adverbial phrase of time;* a *breathing-space* કરતાં one *breathing-space* વધારે અસરકારક છે, કેમકે, તે ફક્ત જેટલો વખત એકવાર શ્વાસ લેવામાં જાયછે તે બતાવેછે. *Breathing-space* ને વાસ્તે જુઓ *Gram.* 133.
	3	like a wild cat &c	*A "simile"* ઉપમા, દૃષ્ટાંત, જુઓ XLVI. 3 ની ટીકા.
	7	good sword	*"Good"* એટલે વફાદાર, જે જરૂરના વખતમાં વફાદાર માલમ પડી હતી.
		a hand-breadth	*Adverbial phrase of distance or place* (તફાવત અથવા સ્થળ દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યય). *Hand-breadth* ને વાસ્તે જુઓ *Grammar* 133.
XLVI	2	at	*"At," preposition of rest, here used of time* (આરામ દેખાડનાર શબ્દયોગી અવ્યય, અહીંઆં તે વખત બતાવે છે). *"at the time of," "immediately with."* જુઓ XLVIII. 1.
	3	As falls &c.	એક બાબતનો બીજી જુદી જાતની બાબત સાથે અહીંઆં મુકાબલો થયો છે. એ અલંકારને (*simile*) દૃષ્ટાંત અથવા ઉપ-

Stanza	Line		NOTES
XLVI	3		મા" કહેછે. એ પ્રમાણે XLV. 3, અને XLIX. 7—11.
	4	thunder-smitten	એટલે, વીજળીથી બળી ગયલું, ઘાયલ થયલું.
	5	crashing	પડતા ઓકના ઝાડથી કચરાઈ ગયલું
	7	pale	એટલે, બીકથી. કેમકે, જ્યારે કોઈ ઝાડ વીજળીથી બળી જતું હતું, ત્યારે તે બીનાને લોકો ઈશ્વરના કોપની નીશાની સમજતા હતા.
		low	*"In a low voice"* ધીમા અવાજથી. *adjective for adverb.*
	8	head	એટલે, ઝાડની ટોંચ. (જે હમણાં જમીન ઉપર પડ્યું છે).
XLVII	2	Right	જુઓ XLIV. 6.
	5	And see &c.	કરડાકીમાં બોલેલું.
	6	fair	*i. e. honourable, worthy,* આબરૂદાર, પ્રખ્યાત.
	7	noble Lucumo	જુઓ XXIII. 4 ની ટીકા.
	8	to taste our Roman cheer	એટલે, અમારી રોમન પરોણાગતનો સ્વાદ લેવાને (કરડાકીમાં).
XLVIII	1	at	જુઓ XLVI. 2 ની ટીકા.
	3	mingled of wrath &c.	*"Made of wrath and dread and shame mingled together"* વાક્યને વાસ્તે ટુંકું વાક્ય.
	7	noblest	એની પછી *men* સમજવું જોઈએ; અથવા જે પ્રમાણે *"noble"* ઉપરથી *a noble* નામ ગણાય છે, તે પ્રમાણે, *"noblest"* (*superlative*) ને નામ ગણી શકાય.

Stanza	Line	NOTES	
XLVIII	8	the fatal place	એટલે, પૂલ ઉપર જવાનો રસ્તો,
XLIX	2	sink	જુઓ *Grammar* 146.
	7	like boys &c.	*Another simile* બીજું દૃષ્ટાંત. જુઓ XLV. 3 *and* XLVI. 3.
L	1	was none	*"There was none,"* એ પ્રમાણે બોલવું વધારે સાધારણ છે.
		foremost to lead	જુઓ *Grammar* 150.
	2	such	જુઓ *Grammar* 60.
	3,4	Forward, Back	પૂર્ણ વાક્યો *"(Go) forward," "(Go) back"* થશે. પણ ક્રિયાવિશેષણ અવ્યયના શબ્દો *"forward"* અને *"back"* થી પૂરી અસર થાયછે, માટે તેઓને ક્રિયાપદ વગર એકલા વાપર્યા છે. તેઓ સકર્મક ક્રિયાપદ *"cried"* નાં કર્મ છે.
	5	backward now and forward	=*Now backward and (now) forward, " now and now,"* એટલે, એક વખત અને બીજી વખત.
	6	wavers	અહીંઆં પાછો વધારે અસરકારક વર્તમાન કાળ વપરાયો છે. જુઓ XLII. 1. *" Wavers"* શબ્દથી નીચલી લીટીમાં જે અલંકાર (*metaphor*) આવેછે તેની આપણને પેહેલાંથી ખબર મળેછે.
	7	the tossing sea &c	શસ્ત્રથી શણગારેલું લશ્કર કોઈવાર આગળ જતું હતું અને કોઈ વાર પાછું હઠતું હતું તેથી તેઓના આભૂષણના જે ચમકારા થતા હતા તેને કવિ એક સમુદ્રનાં હાલતાં પાણી જે સૂર્યના તેજમાં ચળકતાં દેખાયછે તેની જોડે સરખાવેછે. જ્યારે

Stanza	Line		NOTES
L	7		કોઈ વિષયનું વર્ણન તેને બદલે બીજો વિષય મુકીને કરીએ છીએ ત્યારે જે અલંકાર થાયછે તેને રૂપક (*metaphor*) કહેછે ; તેથી ખરી બીનાને ચિત્રોપમ વિચિત્રતા મળેછે. એ અલંકારમાં અને દૃષ્ટાંત (*simile*) માં એટલો ફેર છે કે દૃષ્ટાંતમાં બે વિષયનો મુકાબલો થાયછે, અને રૂપક (*metaphor*) માં એક વિષયને બદલે બીજો મુકાયછે. જુઓ LVI. 3—9.
LI	4	**they gave him greeting**	*A double object—dative of person, accusative of thing.* જુઓ *Grammar* 151.
	5	**welcome**	"(*Thou art*) *welcome*" સમજવું. "*Welcome*" શબ્દ કરડાકીમાં કહેલો છે.
LII	6	**Scowled**	જુઓ IV. 2.
	7	**Where**	=*in which: adverbial relative to antecedent "way."* જુઓ *Grammar* 101.
LIII	3	**hangs**	"*Is about to fall*" પડી જવાની તૈયારીમાં. જુઓ III. 7. વર્તમાન કાળ વપરાયો છે તેને વાસ્તે જુઓ XLII. 1.
	4	**boiling**	વમળવાળી, જોરથી વહેતી. ભારે વરસાદને લીધે (જુઓ LXI. 2) નદીમાં એટલું મોટું પૂર આવ્યું છે કે તેનાં પાણીમાં ઉકળતાં પાણીની પેઠે ભમરા પડેછે અને વમળ આવેછે.
	5	**Come back, come back, &c.**	આ (લીટી ૫–૭, અને ૮ના) શબ્દો સકર્મક ક્રિયાપદ "*cried*" નાં કર્મ છે.
	8	**the ruin**	*The broken bridge* ભાંગી ગયલો પૂલ. એમજ LV. 3 માં *mighty wreck*.

Stanza	Line	NOTES	
LIII	8	**fall**	*Subjunctive mood* સંશયાર્થ, એ અર્થ પૂલ ક્યારે પડશે તે નક્કી બતાવતો નથી.
LIV	4	**crack**	જુઓ *Grammar* 146.
	8	**They would have crossed**	*i. e. they would have crossed* (*if they had been able*), (જો તેઓમાં શક્તિ હોત તો) તેઓએ પૂલ ઓળંગ્યો હોત. જુઓ *Grammar* 159. અહીંઆં સંશય વાચક વાક્ય (*conditional clause*) મુકી દીધું છે.
LV	4	**right**	જુઓ XLIV. 6.
	8	**the yellow foam**	જુઓ XIII. 1 ની ટીકા.
LVI	1	**And like a horse &c**	અહીંઆં રૂપક (*metaphor*) અને દૃષ્ટાંત (*simile*) અલંકાર મિશ્ર થઈ ગયા છે. (જુઓ XLVI. 3. અને L. 7 ની ટીકા). પેહેલી અને બીજી લીટી દૃષ્ટાંત છે, અને ત્રીજીથી નવમી લીટી સુધી રૂપક છે.
	4	**tawny mane**	જુઓ XIII. 1 ની ટીકા.
	6	**rejoicing to be free**	જુઓ *Grammar* 150.
LVI	3	**Thrice thirty thousand foes before**	*Thrice thirty thousand foes* (*were*) *before*, પણ અહીંઆં ક્રિયાપદને મુકી દીધું છે, કેમકે તેની વાક્ય ઉપર કંઈ અસર નથી.
	5	**Down with him**	એને પૂરો કરો, મારીનાખો, એ શબ્દો, તેમજ *now yield thee* (*line* 7), *cried* ક્રિયાપદનાં કર્મ છે. જુઓ LIII. 5.
		false Sextus	જુઓ XXIV. 7 ની ટીકા.
	6	**pale face**	જુઓ LII. 5.
	7	**yield thee**	*Thee* = *thyself* = XVIII. 8 માં *them* ની પેઠે સ્વાર્થ સર્વનામ (*reflexive pronoun*) છે.

Stanza	Line		NOTES
LVIII	1	**Round turned he**	પાછળ ફરીને તેણે જોયું. એટલે, તેણે તેની પીઠ દુશ્મનની તરફ ફેરવી અને તેનું મોં તેના પ્યારા શેહેર તરફ ફેરવ્યું.
		as not deigning	*Appearing not to deign* તે દરકાર રાખતો ન હોય એમ દેખાયો. *as, conjunction. As (a man would turn) not deigning.*
	5	**Palatinus**	રોમની સાત ટેકરીઓ જે ઉપર શેહેર બાંધ્યું હતું તેઓમાંની એક ટેકરીનું નામ. જુઓ II. 8. ની ટીકા.
LIX	1	**Father Tiber**	*Father* એ પ્રમાણે LXII. 7 માં જુઓ. દેવોને *Fathers* (પીતા) ની ઉપમા આપવાનો ચાલ સાધારણ હતો; અને ઘણી નદીઓ, તેમાં મુખ્યત્વે કરીને ટાઈબર, દેવરૂપી ગણાતી હતી, તેથી તેઓને પણ એજ ઉપમા મળતી હતી. જુઓ ક્લાઈટમ્નસ VII. 5 ની ટીકા.
	6	**good**	જુઓ XLV. 7 ની ટીકા.
	8	**Plunged in**	જુઓ VI. 2 ની ટીકા.
LX	2	**either**	જુઓ *Grammar* 70§.
	5	**where**	*i. e. (at the place) where.* જુઓ V. 5 ની ટીકા.
	8	**All Rome**	*All the Romans.* શેહેર એટલે રહેવાસીઓ સમજવા.
	9	**Tuscany**	ઈટ્રૂરીઆનું બીજું નામ.
	10	**scarce**	*Adverb ; scarcely* ક્વચીત.
LXI	2	**months of rain**	*i. e. rainy months.*

Stanza	Line		NOTES
LXI	4	**sore in pain**	*In great pain* ઘણાં દુ:ખમાં; *sore, adv. heavily.* ઘણું.
	6	**changing blows**	*Changing* એટલે બીજાને જખમ કરવાં અને પોતે ખમવાં.
LXII	1	**did**	*Did* ને *struggle* સાથે લેવું; *did struggle, imperfect tense, indicative mood, emphatic form.* જુઓ *Grammar* 78§.
	2	**such an—such a**	જુઓ *Grammar* 60.
	4	**Safe**	*Adverb ; safely* સલામતીથી.
		landing-place	જુઓ *Grammar* 133.
	7	**father Tiber**	જુઓ LIX. 1 ની ટીકા.
LXIII	1	**Curse on him**	*(May a) curse (be) on him* જુઓ *Grammar* 94 (c). એવાક્ય *quoth* ક્રિયાપદનું કર્મ છે.
		quoth	જુઓ XXXI. 1 ની ટીકા.
	2	**Will not**	*Will* ને અહીંઆં ભવિષ્યાર્થ કરતાં એનો મૂળ અર્થ ઈચ્છા (will) વધારે લાગે છે. *Does the villain* refuse *to drown ?*
	3	**But for this stay**	*If there had not been this stay* (જો આ અટકાવ ન થયો હોત). એ વાક્યનું પૂરૂં રૂપ નીચે પ્રમાણે છે; *we should have sacked the town (if we had not been checked) ; but, on account of this check, (we cannot sack it).* વિરૂદ્ધાર્થ સૂચક ઉભયાન્વયી અવ્યય *(disjunctive conjunction) but* આગલા વાક્યના અર્થનો નિષેધ કરેછે. એ પ્રમાણે *but for this stay ; but he* (જુઓ XLII. 8ની ટીકા),અને એવાં અધ્યાહારવાળાં

Stanza	Line	NOTES	
LXIII	3		વાક્યોનો અર્થ *without this stay—except him* થાયછે, અને મુખ્ય વાક્યમાં તેઓની જગા વ્યાકરણના નિયમ કરતાં તેઓના અર્થ પ્રમાણે વધારે સારી રીતે જણાય છે.
LXIV	1	**Now—now—now—now**	એ ચાલતી બીનાઓને અસરથી દર્શાવે છે, જે બીનાઓ વારાફરતી બોલનારના મનમાં પ્રત્યક્ષ દેખાયછે. અહીંઆં વર્તમાન કાળ વપરાયો છે તે પણ ધ્યાનમાં રાખવો જોઈએ. જુઓ XLII. 1 ની ટીકા.
	3	**the Fathers**	જુઓ XVI. 5 ની ટીકા.
	4	**to press**	જુઓ *Grammar* 147§.
	6	**weeping loud**	એટલે જે લોકોનાં મન પેહેલાં બીક, સંશય, અને આશ્ચર્યથી ઉશ્કેરાયલાં હતાં તેઓએ જ્યારે હોરેશ્યસને સલામત દીઠો ત્યારે તેઓની આંખમાંથી હર્ષનાં અને ઉપકારનાં આંસુ પડ્યાં.
	7	**He enters**	અહીંઆં *city* સમજવું.* તે સકર્મક ક્રિયાપદ *enters* નું કર્મ છે.
LXV	1	**They gave him &c**	શબ્દોનો અનુક્રમ નીચે પ્રમાણે છે: *they gave him as much of the corn-land, which was of public right, as.* *As much of the cornland as* તેટલી ખેડાણવાળી જમીન જેટલી.
	8	**To witness**	જુઓ *Grammar* 147§.
LXVI	1	**the Comitium**	રોમનો એક ભાગ જ્યાં રોમન લોકોની પ્રસિદ્ધ સભાઓ ભરાતી હતી.
	2	**Plain to see**	જુઓ *Grammar* 150.

Stanza	Line	NOTES	
LXVI	3	**Horatius in his harness &c.**	એ શબ્દો *it* કર્ત્તા સાથે વિભક્તિમાં *(in apposition)* મળતું આવેછે. *It* એટલે *the molten image.*
	6	**all**	= *altogether* બીલકુલ. જુઓ xx. 2.
	7	**How valiantly &c.**	આ વાક્ય *is written* (*line* 5) ક્રિયાપદનો કર્તા છે.
LXVII	1	**stirring**	વાક્યનો અનુક્રમ નીચે પ્રમાણે છે: *His name sounds unto the men of Rome stirring as the trumpet blast* હોરેશ્યસનું નામ રણ તુરૈના નાદની પેઠે રોમન લોકોમાં શૂરાતન ઉપજાવેછે.
	4	**To charge the Volscian home**	*To charge home* હલ્લો ઠેઠ પોંહોંચાડવો, એવી રીતે હલ્લો કરવો કે તેમાં ફતેહમંદ થવાય.
		the Volscian	= *Volscians.* જુઓ xxii. 7; અને જુઓ ii. 5. ની ટીકા. વાલ્સીઅન લોકો લેશ્યમના અસલ રહેવાસી (xii. 8.) હતા. તેઓ રોમન લોકોની સાથે હંમેશાં લડાઈ કર્યા કરતા. તેઓ આખરે આ વારતાની બીના જ્યારે બની ત્યારપછી આસરે પચાસ વરસે ઘણી મુશ્કેલીથી રોમન લોકોને તાબે થયા.
	5	**to Juno**	વિધાત્રા. જે દેવી જન્મ વખત બાળકની સંભાળ લેછે, તે રોમન દેવોના રાજા જુપીટરની સ્ત્રી હતી.
	6	**as bold as**	એવું બહાદુર જેવું.
	7	**his who**	= *the heart of him who* તેનું અંતઃકરણ જે:

Stanza	Line	NOTES	
LXVIII	1	**And in the nights of winter &c.**	LXVIII, LXIX, અને LXX માં જે લાંબું વાક્ય આવે છે તેના મુખ્ય કર્તા અને ક્રિયાપદ *the story is told* (LXX. 6) છે. બાકીનાં વાક્યો ઉપવાક્યો છે અને ક્રિયાવિશેષણવાચક છે.
	6	**loud**	*adj. for adv. loudly.*
	7	**Algidus**	લેશ્યમમાં મોટાં ઝાડોથી ઢંકાયલા પહાડોની હાર.
LXIX	1	**the oldest cask**	કેમકે તેમાં ઘણો સારો દારૂ હોય છે-સારો દ્રાક્ષનો દારૂ જેમ જુનો થાયછે તેમ વધારે સારો થાય છે.
	5	**in circle**	*i. e. in a ring round the fire* દેવતાની આસપાસ કુંડાળું વળીને.
LXX	1	**goodman**	*Householder* કુટુંબનો મુખ્ય માણસ એજ પ્રમાણે *Goodwife (line 3).*
	3	**goodwife**	*Mistress of the house* કુટુંબની મુખ્ય સ્ત્રી, ધણીઆણી.
	4	**flashing**	એ શબ્દ શાલવીના કાંઠલાની વણવામાં ઝડપ દેખાડે છે.
	7	**How well Horatius**	આ વાક્યને મુખ્ય કર્તા *the story* સાથે વિભક્તિમાં *(in apposition)* મળતું સમજવું જોઈએ. જુઓ *Grammar* 117 *and* 135.

કોષ.

(VOCABULARY.)

કોષમાં વપરાયલાં સંક્ષેપ ચિન્હ.

ABBREVIATIONS USED IN THE VOCABULARY.

A. = adjective.

Adv. = adverb.

Comp. deg. = Comparative degree.

Con. = conjunction.

Def. art. = definite article.

Def. num. = definite numeral.

Dem. = demonstrative.

F. = feminine gender.

Gen. = genitive case.

Gram. = Grammar.

Imper. = imperative.

Indef. art. = indefinite article.

Indef. num. = indefinite numeral.

Indic. = indicative.

Interj. = interjection.

Interrog. = interrogative.

M. = masculine gender.

N. = neuter gender.

N. of mult. = noun of multitude.

Nom. = nominative case.

Obj. = objective case.

P. = page.

Pers. = person or personal.

Plur. = plural.

P. part. = past participle.

Prep. = preposition.

Pres. = present tense.

Pres. part. = present participle.

Pron. = pronoun.

P. t. = past tense.

Rel. = relative.

S. = substantive.

Sing. = singular.

V. aux. = verb auxiliary.

V. def. = verb defective.

V. int. = verb intransitive.

V. t. = verb transitive.

કોષમાં થએલી ચુકોનું

શુદ્ધિપત્રક.

Page	*Line*	અશુદ્ધ	શુદ્ધ
6	20	સરદારનુ	સરદારનું
7	16	ફરમાવવુ	ફરમાવવું
14	**divide** ની હેઠળ વધારો **dome s.** ઘુમટ ; દહેરૂં		
18	25	વાઘરી	વાઘરી
21	7	પહોળાઈ	પોહોળાઈ
,,	12	; કાઢીનાખો	
32	27	અહંકારી પછી વધારો શોભીતું ; ભભકાવાળું	
34	9	ખરૂ	ખરૂં
35	17	ખુમ	ખૂમ
39	14	મજબુત	મજબૂત
40	**swarthy** ની હેઠળ વધારો **sweet a.** મીઠું સુંદર		
44	**vine** ની હેઠળ વધારો **voice s.** અવાજ ; મત		
47	22	પેલુ	પેલું
,,	**wolves** ની હેઠળ વધારો **woman s.** બૈરી ; સ્ત્રી		

કોષ.

A

A....................	indef. art. એક ; કોઈ.
abide	v. int. રહેવું ; ટકવું.
above	prep. ઉપર.
accursed........	p. part. or a. દુષ્ટ ; શ્રાપ દેવા યોગ્ય.
ache	v. int. દુઃખ પામવું ; દુખવું.
acorn	s. *oak* ઝાડનું ફળ.
advance	v. *t.* આગળ ધરવું ; ઉંચું ધરવું.
affright	s. ભય ; બીક.
again	adv. ફરીથી.
against	prep. સામે.
aged	a. ઘરડું ; જુનું.
aghast	a. ઘભરાયલું ; બેહેબાકળું.
Albinia...........	s. ઈટ્રૂરીઆની એક નદીનું નામ.
Algidus	s. એક પર્વતનું નામ.
all	indef. num. સઘળું ; બધું ; બધા.
	adv. (= altogether) બીલકુલ ; તમામ.
ally	s. મદદગાર.
alone..............	a. એકલું.
along	prep. ઊપર, પાસે; along the shore=કીનારે કીનારે ; along the sky=આકાશમાં; along the road = રસ્તે.

altar .... s. હોમ કરવાની જગા ; પવિત્રસ્થાન ; દેવળ ; વેદી.

Alvernus ...... s. એક પર્વતનું નામ.

always............ adv. હમેશાં.

amain .... adv. ઘણા જોરથી ; એકદમ.

amidst }
among }......... prep. વચમાં ; માં.

ample .... a. મોટું ; વિશાળ.

an .... indef. art. એક ; કોઈ.

and .... conj. અને ; તથા.

answer........... s. જવાબ ; ઊત્તર.

Apennine ...... s. એક પહાડનું નામ.

appear............ v. int. નજર આવવું, દેખાવવું.

are .... plur. pres. ind. of verb 'be.' (જુઓ Gram. 84.)

army.............. s. લશ્કર.

armour .... s. બખતર.

arms .... s. હથીયારો ; શસ્ત્ર.

arose .... p. t. of *arise* v. int. ઊઠવું.

around........... prep. આસપાસ.

array.............. s. રચના ; હાર, સૈન્યની રચના ; સૈન્ય; લશ્કર (I. 9).

Arretium......... s. એક શેહેરનું નામ.

Aruns .... s. એક ઈટ્રસ્કન સરદારનુ નામ.

as .... conj. જેમ ; જ્યારે. as–as = જેવું–તેવું ; as much–as = જેટલું–તેટલું.

ashes.............. s. રાખ ; ભસ્મ.

ass .... s. ઘધેડો ; ખર.

Astur .... s. ઈટ્રુરીઆના એક સરદારનું નામ.

at .... prep. પાસે ; તરફ ; માં.

to stand *at* bay = બચાવ કરવાને સામાં થવું ; જ્યારે બચાવની આશા ન હોય ત્યારે સામાં થવાનું પ્રયત્ન કરવું.

at a stroke = ઘા પડ્યો કે તરત.

at a challenge = લલકાર સાંભળીને.

athwart .... prep. આડે.

attack .... s. હલ્લો ; લડાઈ.

augur .... s. શુકન જોનાર ; ભવિષ્યવાદી.

Aunus .... s. એક ઈટ્રુસ્કન સરદારનું નામ.

Auser .... s. એક નદીનું નામ.

away.............. adv. દૂર ; છેટે.

axe................. s. કોદાળી ; કુવાડો.

B

Babe, **baby** .... s. બાળક ; બચ્ચું.

back .... s. પીઠ.

back, **backward** ... adv. પાછા.

bade .... p. t. of *bid* v. t. ફરમાવેલુ.

band .... s. ટોળું.

banished......... p. part. a. દેશનિકાલ થએલું.

bank .... s. કાંઠો ; કીનારો.

banner........... s. વાવટો ; નીશાન.

bar .... s. લોઢાનો અથવા લાકડાનો ગજ.

bark............... s. વહાણ.

basket .... s. ટોપલી.

battle .... s. લડાઈ.

battlement...... s. સફીલ.

bay.................. જુઓ **at**.

be .... v. int. થવું.

beam............... s. ભારોઠીયો.

bear .... s. રીંછ.

beard .... s. દાઢી.

beat .... v. t. મારવું, v. int. ધબકવું.

